Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

68 JT
92

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પ્રતિજ્ઞાનું સમર્થન

લેખક
મણીન્દ્ર ભોજ

સ્ટાક પ્રમાણીકરણ ૧૯૮૪-૧૯૮૫

ધરશાળા પ્રકાશન મંદિર
ભાવનગર

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

❀ ओ३म् ❀

पुस्तक-संख्या 685/92

पंजिका संख्या 2960/26.3.2002

पुस्तक पर सर्व प्रकार की निशानियां लगाना वर्जित है। कोई महाशय १५ दिन से अधिक देर तक पुस्तक अपने पास नहीं रख सकते। अधिक देर तक रखने के लिये पुनः आज्ञा प्राप्त करनी चाहिये।

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

प्रतिज्ञानुं समर्थन





CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પ્રતિજ્ઞાનું સમર્થન

[ભજવી શકાય તેવાં બે હળવાં નાટકો]

· લેખક ·
મણીન્દ્ર બોઝ

ઘરશાળા પ્રકાશનમંદિર
હિલડ્રાઈવ • ભાવનગર

પુસ્તકાલય
CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar
ગુરુકુલ કાંગડી

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પ્રકાશક
હરભાઈ ત્રિવેદી
ઘરશાળા : ભાવનગર

આવૃત્તિ પહેલી : ૧૧૫૦ નકલ
સપ્ટેમ્બર : ૧૯૪૦

ઘરશાળા પ્રકાશન

૪

કિંમત પાંચ આના

મુદ્રક
પારેખ શાંતિલાલ છોટાલાલ
શ્રી સરસ્વતી છાપખાનું
સ્ટેશન રોડ : ભાવનગર

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ઊઘડતાં પુષ્પો સમાં
કુમારકુમારિકાઓના હસ્ત કમલે
સપ્રેમ

મ૦

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પરિચય

'પ્રતિજ્ઞાનું સમર્થન' અને 'જે કહેવાય તે' એ નામનાં બે હળવાં નાટકો ગુજરાતની પ્રજા સમક્ષ રજૂ કરતાં મને આનંદ થાય છે. એ નાટકના લેખક છે શ્રી. મણીન્દ્ર બોઝ. ઈંટ, ચૂનો અને પથ્થરમાં એ દટાયેલા રહે છે. તેમના રોજના સાથીઓ ચારછ આના કમાનાર મજૂરો છે. પરંતુ બાળકો તેમ જ જુવાનો તરફનું તેમનું આકર્ષણ ભારે અજબ છે. બપોર જામ્યા હોય, માથે ધોમ તપ્યો હોય અને પોતે પરસેવે રેબઝેબ થયેલા હોય એવે વખતે મણિબાબુને જોવામાં એક પ્રકારની કાર્યદક્ષતાની પ્રેરણા મળે; ત્યારે બેત્રણ વર્ષનાં નાનાં બાળકો સાથે ગેલ કરતાં અને બારચૌદ વર્ષના કિશોરો વચ્ચે નાચતા કૂદતા મણિબાબુને જોઈએ ત્યારે અંતરમાં સાચી માનવતા માટેનો પ્રેમભાવ જન્મ્યા વિના ન રહે. આ મણિબાબુએ આ બેઉ નાટકો લખ્યાં છે.

આપણી સમાજ પોતાની પ્રગતિનાં ગમે તેટલાં બણગાં ફૂંકે અથવા તો વ્યક્તિસ્વાતંત્ર્યની ગમે તેટલી હિમાયત કરે અથવા તો કેળવણીપ્રિયતા બતાવે પરંતુ એ વાત નક્કી છે કે આપણાં માબાપો અને શિક્ષકોની બાળક તરફની દૃષ્ટિમાં કશો જ ફેર થયો નથી; બલ્કે તેમાં વધારે સંકુચિતતા ભળી છે. શાળાઓમાં અને કૉલેજોમાં નાટચપ્રયોગો જરૂર ભજવાય છે અને પહેલાંના કરતાં

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જરૂર તેમાં પ્રગતિ સધાઇ છે, છતાં યે કહ્યા વિના નહિ ચાલે કે શહેરોના થોડા અપવાદો બાદ કરતાં સારા યે ગૂજરાતમાં જીવનવિકાસની દૃષ્ટિએ શિક્ષણસંસ્થાઓને આ દિશામાં હજી લાંબી મજલ કાપવાની રહે છે. વિચારો વધારે ઉદાત્ત થવા જોઇશે, વ્યવહાર વધારે નિર્મળ અને સંયમી થવો જોઇશે અને આદર્શોમાં સતત પ્રગતિશીલ રહ્યા કરવું પડશે. આ કામ તો કેળવણીકારોનું, શિક્ષણકારોનું અને સમાજહિત માટે નાટ્યભૂમિને અનિવાર્ય ગણનાર વિચારકોનું છે. આટલી હકીકત આ પ્રસ્તાવનામાં લખવી આવશ્યક લાગી છે કારણકે બન્ને નાટકો ઉપરોક્ત સંકુચિતતાઓને નજર સમક્ષ રાખીને લખાયાં છે. એક નાટક કેવળ કન્યાઓ માટે છે. અને બીજું કેવળ કિશોરો માટે છે. રંગભૂમિ ઉપર છોકરાછોકરીઓ એકબી સાથે ભાવનાશીલ કે ચોક્કસ હેતુઓ સિદ્ધ કરતાં નાટકો ભજવી શકતાં નથી એ આપણી નિર્બળતા છે. એને ઢાંકવાથી કશો લાભ નથી. એ નિર્બળતાની મર્યાદાઓને લક્ષમાં રાખીને આ નાટકો લખાયાં છે.

નાટકો છેક જ નાનાં અને સાદાં છે અને છતાં યે મણિબાબુને એક યશ આપ્યા વિના રહી શકાય તેમ નથી. આખા નાટકમાં હળવો વિનોદ વહ્યાં જ કરતો હોય છે અને છતાં યે એ વિનોદ પાછળ એક ચોક્કસ અને ગંભીર વિચારધારા અંતર્ગત ઝરણાની માફક ધીરગભીર પગલે સાથોસાથ જ વહે છે.

ભજવનારને કે પ્રેક્ષકગણને આ વિચારધારાનો ભાર નથી લાગતો. એને ગૂંગળામણ પણ નથી થતી. ભજવનારાંઓ પોતાના માર્ગે ચાલ્યાં જ જાય છે, પ્રેક્ષક ભજવાઇ રહેલ પ્રસંગોના રસમાં તરબોળ થતો રહે છે અને છતાં યે ભજવનાર કુમારકુમારીઓ એક ચોક્કસ આદર્શનું ન સમજાય તેવું પાન કરતાં રહે છે, પ્રેક્ષક મીઠા કટાક્ષથી કે જાણીબૂઝીને ઊભી કરેલ મૂંઝવણથી જેટલી મજા

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

માણે છે, તેટલી જ મજા અને તેટલો જ સંતોષ એને પોતાના જીવન માટે માર્ગદર્શક એવો એકાદ વિચાર ઝીલવામાં પણ મળે છે. બન્ને હળવાં નાટકોની આ ખૂબી છે. અને તેમાં જ લેખકની સફળતા રહેલી છે.

આપણી શાળાઓના અને આપણાં છાત્રાલયોનાં સ્નેહસંમેલનોમાં કુમારો અને કન્યાઓ આ નાટકો હોંશથી ભજવી શકે તેવાં છે. રંગભૂમિ ઉપરની એની સફળતા પૂરવાર થયેલી છે, કુમારોને અને કુમારિકાઓને થોડા વખતમાં ભજવી શકાય તેવાં, વિચારપ્રેરક અને છતાં યે હળવાં તથા વિનોદી નાટકોનો આપણા સાહિત્યમાં જે દુકાળ છે તે દુકાળને ફેડવામાં આ નાટકો થોડો ઘણો પણ ફાળો આપશે તો લેખક, અનુવાદક અને પ્રકાશક પોતાની જાતને ધન્ય માનશે. શ્રી. મણિબાબુએ મૂળ નાટકો બંગાળીમાં લખ્યાં, શ્રી. મસ્તરામભાઇએ પોતાની પ્રસન્ન ભાષામાં એને ગુજરાતીમાં ઉતાર્યાં. એક વખત દક્ષિણામૂર્તિના અને હવે ઘરશાળાના અધ્યાપકો તેમ જ વિદ્યાર્થીઓએ એને સફળતાથી ભજવી પણ જોયાં એટલે એને ઘરશાળાનું પ્રકાશન કરવાની હિંમત આવી છે. જોકે એની સાચી કસોટી તો હવે શિક્ષણસંસ્થાઓ એને રંગભૂમિ ઉપર જે આવકાર આપશે તેના ઉપર નિર્ભર છે.

ઘરશાળા,
ભાવનગર

હરભાઇ ત્રિવેદી
નિયામક

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પ્રતિજ્ઞા

નું

સમર્થન

પાત્રો

ભદ્રા—કુમારી સભાની પ્રમુખ
લલિતા—કુમારી સભાની મંત્રી
સરલા—કુમારી સભાની સભ્યા અને
ભદ્રાની પ્રતિસ્પર્ધની
સોહિની—સરલાના મામાની દીકરી
શાંતા
વીણા
કમલા
વિમલા
વિન્ધ્યા
} કુમારી સભાની સભ્યાઓ
હરીશભાઈ—ભદ્રાના પિતા
રામભાઈ—નિવૃત અધ્યાપક અને
સ્ત્રીસ્વાતંત્ર્યના હિમાયતી
નોકર:

पुस्तकालय
गुरुकुल कांगड़ी

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પ્રથમ અંક

પ્રવેશ પહેલો

[વિદ્યાપીઠમાં છોકરીઓની બેઠકનો ઓરડો. ગોળ ટેબલની આસપાસ બેસીને કમળા, વીણા, વિભા અને વિજયા છાપાં વાંચે છે અને વાતો કરે છે.]

વિજયા

ખરેખર કાલે સરલાએ ભાષણમાં હદ કરી. કાલે ભદ્રાનું મોં આવડું [આંગળીથી બતાવે છે] કરીને બોલતી જ બંધ કરી દીધી.

વિભા

સરલા હમેશાં જે વાસ્તવિક વાત હોય તે જ કહે છે. અને ભદ્રા તો ખાલી હવામાં કિલ્લા જ બાંધે છે. Builds castles in the air.

વીણા

સરલાએ તો ઠીક જ કહ્યું: પ્રતિજ્ઞા લેવી એ તો જીવનમાં કોઇ રીતે ઉચિત નથી—કુમારીસભાનાં સભ્ય થવું એટલે જીવનપર્યંત કુંવારા રહેવું એ તે કયાંની રીત ?

કમળા

કયાંની રીત એટલે ? કુમારી રહી જ ન શકાય તો પછી કુમારીસભાનું પ્રયોજન કયાં રહ્યું ?—સમાજસેવા, પતિતોદ્ધાર, દારિદ્ર્યનિવારણ, અબળાસહાય વગેરે વગેરે મોટા મોટા વિષયોની

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પ્રસ્તાવના અને આલોચના કર્યે શું ફાયદો ? પરણ્યા પછી આ બધું કરી શકશો ?

વીણા

આ બધી મોટી મોટી વાતો તમને સોંપી. અમારી સરલાનું કહેવું એમ હતું કે, કુમારી સભાના સભ્ય થયા એટલે શું જિંદગી-ભર કુંવારા રહેવું ? કુમારીસભાનો અર્થ જ એ કે જ્યાં સુધી તમે કુમારી હો ત્યાં સુધી તેના સભ્ય રહો અને ધારાધોરણ પાળો. પરણ્યા પછી—જો પરણવાના જ હો તો—તમને કોણ કુમારી-સભામાં રાખવાનું હતું ? તમારી જગ્યાએ બીજી કોઇ કુમારી આવશે. આમ કરતાં એક એક મળી બધી જૂની કુમારીઓ ચાલી જશે અને તેની જગ્યા નવી કુમારીઓ લેશે અને કુમારી સભા પોતાનું કામ વધારે ને વધારે સારી રીતે કર્યે જશે. મંડળ ચિરસ્થાયી હોયઃ સભ્યો નહિ.

વિજયા

Hear Hear,—વિણા, તું યે કંઇ ઓછી નથી. ધારે તો તું યે સરલા જેવી મોટી વક્તા થઇ શકેઃ—

વિભા

હા થઇ શકે જ ને. સરલા જેવી વક્તા તો સૌએ થઇ શકે—સૌ એટલે—વસ્તુની વાસ્તવિકતાને ધ્યાનમાં રાખે અને હવાઈ કિલ્લા ન બાંધે તે—બીજી એક વાત. અતિ સામાન્ય જ્ઞાનવાળાંઓનો પક્ષ પ્રમાણ સાથે રજૂ કરનારી તે સરલા, બસ. Nothing more nothing less.—લ્યો આ સરલા આવી.

[સરલા પ્રવેશ કરે છે અને કમલા બહાર જાય છે]

વિભા

[આગળ બોલતી] આવો, આવો સરલાબહેન. ખરેખર કાલના ભાષણની તમે ભારે છાપ પાડી. My Congratulations.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સરલા

[સ્મિત કરીને] જેનો સામાન્ય જનસમાજ વિચાર કરી શકે તેનાથી વિશેષ મેં કંઇ વિચાર દર્શાવ્યો નથી. પણ વિભા મેં કેટલી યે વખત તને વારી છતાં તું તારો સ્વભાવ છોડતી નથી. ગુજરાતી બોલતાં બોલતાં અંગ્રેજીના ડબકા ન મૂકે તો ન ચાલે? તું બી. એ. ભણે છે અને અંગ્રેજી જાણે છે તે સૌ કોઇ જાણે છે.

વિભા

[હસીને] Oh I beg your pardon—તમે linguistic puritan છો તે વાત હું તદ્દન ભૂલી ગઇ હતી. પણ તમે જ કહો ને કે Congratulation માટે બંધબેસતો ગુજરાતી શબ્દ કયો છે?

સરલા

અમુક બાબતમાં 'હું બહુ ખુશી છું" તેમ કહે તો ન ચાલે?

વીણા

ના સરલા, એ કાનને બરાબર નથી લાગતું. આ વિષયમાં તો હું વિભાની વકીલાત કરું છું. અમુક બાબત માટે હું તમને Congratulation આપું છું એનો ભાવ 'હું બહુ ખુશી થઇ' તેમ કહેવામાં બરાબર નથી આવતો.

સરલા

હું જરૂર માનું છું કે આથી ભાવ બરાબર વ્યક્ત નથી કરી શકાતો. પણ કામ તો ચાલે છે ને?—અને બીજી વાત એ કે ઘણી વખત હૃદય અને મનની કેટલીક લાગણીઓ સ્હેજ માથું હલાવવાથી કે જરા સ્મિત કરવાથી કે એકાદ આંસુ પાડવાથી જેટલી વ્યક્ત કરી શકાય છે તેટલી શબ્દદોષના હજારો શબ્દો

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વાપરવાથી પણ વ્યક્ત નથી કરી શકાતી. ઠીક, તે વાત જવા દે. કાલે પ્રતિજ્ઞાપત્ર ઉપર કોણે કોણે સહી કરી તે તમે કાંઇ જાણો છો ?

વિજયા

હું ધારું છું કે ભદ્રા અને કમળા સિવાય બીજા કોઇએ સહી નથી કરી. આ લલિતા આવે. તેને નક્કી ખબર હશે.

[લલિતા પ્રવેશ કરે છે]

લલિતા

ઓહ સરલા, કાલે તો તારી ફજેતહ થઈ. કેરાવ ઉઠાડી મૂકયે રહી ને ! તેં જાણ્યું ? ભદ્રા, કમળા અને શાન્તાએ પ્રતિજ્ઞા પત્ર ઉપર સહી કરી છે—સરલા, તેં ખરેખર જ કહેલું કે હૃદયની ગતિ વિષે અને અંધકારમય ભવિષ્યની કોઇપણ પરિસ્થિતિ વિષે મનુષ્ય કાંઇપણ ચિન્તના કરે તે નકામી જ હોય છે; એટલું જ નહિ પણ આગળથી જાણવું બહુ કઠિન છે. અને તેથી જ કોઇ વખત પ્રતિજ્ઞા લઇ એસવું તે ઉચિત નથી. આ વાત વાસ્તવિક હો કે ન હો પરન્તુ સંભવિત તો જરૂર છે એમાં કાંઇ શંકા નથી.

સરલા

વાસ્તવિકતા હો કે ન હો એટલે ? જરૂર વાસ્તવિક છે અને તેનું પ્રમાણ પણ છે.

[નેપથ્યે ઘંટ વાગે છે.]

સરલા

ઓહો, ઘંટ વાગ્યોને શું ? પીરીઅડ શરૂ થવાનો !

વિભા

એ નામદાર પ્યુરીટન સાહેબ, પીરીઅડનું ગુજરાતી ઓલો.

[સૌ હસતાં હસતાં બહાર જાય છે.]

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પ્રવેશ બીજો

[પાર્કના બાંકડા ઉપર ભદ્રા, કમલા અને શાન્તા બેઠાં છે.]

કમલા

શું વિચાર કરી રહી છે, ભદ્રા ?

ભદ્રા

શું વિચાર કરી રહી છું ? કોણ જાણે ? ઓહ, કેટલાએ વિચારો આવ્યા ને ગયાઃ આવે છે ને જાય છે—મારી શું ઇચ્છા છે તે જાણે છે ? એમ થાય છે કે એક જ ઘાથી આખું જગત ચૂર્ણવિચૂર્ણ કરી દઈને એક નૂતન જગત ઊભું કરું.

કમલા

ખરું, ભદ્રા ખરું કહે છે. આ અતિ સામાન્ય લોકગણની કુમારીકાઓ જોઈ જોઈને આવી જ ઇચ્છા ઉદ્ભવવી જોઈએ.

શાન્તા

તારી આવી ઇચ્છા હોય એ કોઈ નવીન વાત તો નથી જ. આવી ઇચ્છા જગતમાં અનેક યુગોમાં અનેક જણે કરી છે—કિન્તુ જગત્ તો એની એ સામાન્ય ધરેડમાં ચાલ્યું જાય છે અને ચાલ્યું જવાનું છે.

ભદ્રા

શાન્તા, તારા ideas બધા orthodox પ્રકારના છે. પરન્તુ આશ્ચર્યની વાત તો એ કે તું પણ મારી સાથે પ્રતિજ્ઞા પત્રમાં સહી કરવા માટે ભળી!

કમલા

ઓ.....એક વાત તો તારા ધ્યાન બહાર રહી ગઈ લાગે છે. કઈ કહું ? શાન્તાએ ભારે ચાલાકી કરી છે. હું પ્રતિજ્ઞા કરું છું કે હું આ જન્મ કુંવારી રહીશઃ એની પછી ખૂબ નાના

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અક્ષરે બહેને લખ્યું છે કે "જ્યાં સુધી સંભવિત" પછી પોતાની સહી કરી છે!

ભદ્રા

hypocrete—છીઃ—

શાન્તા

વાહ, મેં ખુલ્લેખુલ્લું લખી દીધું અટલે હું hypocrete થઈ કેમ?

ભદ્રા

ના, કમલા, શાન્તાની સહી જ કાઢી નાંખ. આવાં સભ્યોથી આપણી સભા નથી વધારવી. જાણે એક સભ્ય ઓછી હતી!

શાન્તા

[ઊચ્ચાઇથી હસતી હસતી] મને તમારાં મંડળમાં રાખો કે ન રાખો એમાં કાંઇ લાડવો ખાવાનો નથી. હું કયાં કોઇ વાતથી બંધાઈ પડું છું. પરન્તુ હું પણ જોઇશ, કોનું બંધન કેટલા દિવસ અતૂટ રહેશે! મારાથી કોઇ અજાણ્યું નથી, હો. રોમેન્સનો આટલાંટીક સમુદ્ર કોના હૃદયમાં કેટલો દાબ્યોદૂબ્યો રહ્યો છે તે વળી પછી જણાઇ આવશે.

ભદ્રા

કાંઇ અજાણ્યું નથી એટલે? શું જાણે છે તું, કપાળ!

શાન્તા

કપાળ નહિ, બ્રેન, માથું આવડું મોટું! એટલે એ તો રાત દિવસ મગજમારી કરવાનું, સમજી? જાણે કે તારી ડાયરી મારાથી અજાણી છે!

[આ સાંભળી ભદ્રા અને કમલા બન્ને એક બીજા સામે જોઇને હસે છે]

કમલા

ઓ.....આણે તો પેલી તારી વાર્તાનું પ્લોટ વાંચ્યું લાગે છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

શાન્તા

હા, હા, વાર્તાનું પ્લોટ, પ્લોટ. પછી છે કાંઈ, પણ, હં...હં...

ભદ્રા

પણ હં...હં...એટલે ?

શાન્તા

[હસતી હસતી] એટલે કે એમ...કે...બહેનબા...કહું ? પૂજા કરતાં કરતાં પ્રસાદની ઇચ્છા થાય જ થાય.

ભદ્રા

Nonsense, full of vulgar ideas ! બોલીશ નહિ, મારી સાથે-જા.

[રામબાબુ આવે છે.]

રામબાબુ

કેમ ભગવતીબેા, શી લડાઇ જામી છે ?

[સૌ ઊઠીને રામબાબુને નમસ્કાર કરે છે ને પછી સૌ બેસે છે.]

રામબાબુ

કેમ ભદ્રાદેવિ, કુમારી સભાના શા વર્તમાન છે ? ઘણા દિવસથી તમને મળાયું નથી, પાછેા છાતીનેા દુઃખાવેા થઇ આવ્યેા હતેા.

[ચિન્તાતુર થઇને બેસે]

કમલા, શાન્તા, ભદ્રા,

હવે કેમ છે ?
કેાની દવા ચાલે છે ?
તેલ બેલ ચેાળાવેા છેા કે ?

રામબાબુ

હવે બેટા, દવા શી અને દાક્તર શા ? હવે તેા પેલા મેાટા ડેાકટરનેા હુકમ થાય બેટલે શાન્તિ.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ભદ્રા

જાઓ, જાઓ, શું બોલો છો આપ? આપના તરફથી તો અમને ઘણી ઘણી સહાયની આશાઓ છે. આપણા સમાજની કેવી દુર્દશા છે. આપના જેવા સમર્થ નેતાની તો હવે ખરી જરૂર છે.

રામબાણુ

[હસીને] હાહાહા. ખબર છે, દીકરા, સર્વનો જે સમર્થ નેતા છે તેને સર્વની ફીકર પડી છે. એના હાથમાં એક બિન્દુ સમો હું વૃથા નેતૃત્વનું અભિમાન કરું એટલું જ હાહાહાહા. [હસે છે]

શાન્તા

શું કહો છો. ગુરુજી સર્વનો જે નેતા છે તેને ક્યાં સર્વની ફિકર જ પડી છે? જગત્ જો બરાબર જ ચાલતું હોય તો પછી સર્વત્ર દુઃખનો હાહાકાર હોય જ શું કામ?

રામબાણુ

અરે, બેટી, ભારે અટપટો પ્રશ્ન કાઢ્યો તેં તો. નિરાંતે એક દિવસ એની ચર્ચા કરશું, પછી કાંઈ? હમણાં તો એક જ જવાબ આપી દઉં:—દુઃખ, કષ્ટ, હાહાકાર એ સર્વ સંકુચિત દ્રષ્ટિએ જોતાં ખૂબ ભયંકર પરન્તુ સ્થિર નજરે જો વિશ્વમાં આ અનન્ત માનવ-જીવનને પકડી શકાતું હોય તો સમજાઈ જાય કે અનન્ત માનવ-હૃદયમાં તો અસીમ આનંદનો સાગર સ્થિર થઈને પડેલો છે. એ ક્ષુદ્ર દુઃખ વગેરે તો માત્ર તેની ઉપરનાં ઊછળતાં મોજાં છે અને એ સમુદ્રની ગંભીરતા ઓળખવામાં આવરણરૂપ બને છે.

[બોલતાં બોલતાં રતબ્ધ બની બેસે છે. જરા વાર રહીને ફરીથી બોલે છે.]

હાં, ભદ્રા, કુમારી સભાના વર્તમાન પાછા કહ્યા નહિ!

ભદ્રા

કાલે ખૂબ debate થઈ ગઈ.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

રામભાણુ

શું શું શું? પ્રમુખ કોણ હતું; દરખાસ્ત કોણે મૂકી? શું દરખાસ્ત હતી?

ભદ્રા

પ્રમુખસ્થાને તારાબેન હતાં. દરખાસ્ત કમલાની હતી. સમર્થન મેં કર્યું. દરખાસ્ત એવી હતી કે, "કુમારી સભાના સભ્યોએ આજન્મ કુંવારા રહેવાની પ્રતિજ્ઞા લેવી." સરલા વિરૂદ્ધ પક્ષમાં હતી. આપે તો સરલાનાં વખાણ કરી કરીને એની ખ્યાતિ વધારી દીધી છે એટલે તો એ જીતી ગઈ! ૧૪૭ વિરૂદ્ધ ૩ મતે એ દરખાસ્ત ઊડી ગઈ.

રામભાણુ

[ભદ્રાને માથે હાથ મૂકી] ખીજાઈશ નહિ, ભદ્રા આ ઠરાવ ઊડી ગયો એ જ ઠીક થયું છે. જ્યારે કુમારી સભાની સ્થાપનાની પ્રવૃત્તિ તમે આદરી ત્યારે પણ મારા મનમાં એમ તો હતું જ નહિ કે તમે સૌ આજીવન કૌમારવ્રત ગ્રહણ કરો. તમે ભવિષ્યની માતાઓ તો...પોતાના જ બળ વડે, શક્તિમયી, જ્ઞાનમયી, ગુણમયી માતાઓ બની શકો એ ઉદ્દેશ સભાનો હતો. કુમારી સભા પછી આવે મહિલા સભા. તમારી સભા કુમારીઓને માતા બનતાં શીખવે અને મહિલા સભામાં માતાઓ પોતાનાં ભવિષ્યને સુખમય આનંદમય કરે–લ્યો, સરલા આવે છે ને શું?

ભદ્રા

ક્યાં, ઓહ, ઠીક, ત્યારે હું રજા લઉં.

રામભાણુ

કેમ કેમ, ભદ્રા. Never loose your sportsmanly spirit under any circumstance.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ભદ્રા

[પાછી પડીને] ના, ના, એમ નહિ મારે જરા કામ હતું. લખો, ને સરલાને congratulations આપતી જાઉં.

[સરલા, વીણા, વિભા, અને વિજયા આવે છે]

ભદ્રા

સરલાબેન, my hearty congratulations to you.

સરલા

[ભદ્રાનો હાથ પકડીને] many thanks.

[સરલા ને કમલા પણ હાથ મિલાવી અભિનંદે છે કમલા અને ભદ્રા વિદાય થાય છે]

રામભાજુ

સરલાબા, હું ખરેખર બહુ ખુશી થયો છું. તારું ભાષણ લખેલું છે કે?

સરલા

લલિતાના રીપોર્ટમાં summary છે.

રામભાજુ

ઠીક, મને જરા રીપોર્ટ વાંચવા તો મોકલી આપજે. જરા જોઉં તો ખરો, તારામાં મને જેટલો વિશ્વાસ હતો તે ફલીભૂત થતો જાય છે તેથી મને વધારે આનંદ થાય છે.

વિભા

આહ, ગુરુજી, આપે તો સરલાનાં વખાણ કરી કરીને એને માથે ચડાવી મૂકી છે. બુદ્ધિ, બુદ્ધિ, બુદ્ધિ! ભારે બુદ્ધિ! આ હમણાં અમે આવતાં હતાં ને, ત્યારે કોણ જાણે કોણ કોઇ ભિખારીની છોકરી આવીને કહે કે ત્રણ દિવસથી કાંઇ ખાધું નથી ત્યારે આ બહેન પોતાની થેલીમાં પૈસાબૈસા જે કાંઇ હતું તે બધું એને આપીને બેઠાં. આ તમારો બુદ્ધિનો વિકાસ!

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સરલા

ગુરુજી ! ખરેખર એ છોકરીનો દુઃખી ચહેરો જોઈને મને એટલો તો આઘાત લાગી ગયો કે વિચાર કરવા બેસવાનું મને તો સૂઝયું પણ નહિ. My pity gave ere charity began.

વિભા

ઓઈ, બસ, puritan ! ગુજરાતીમાં બોલો.

રામબાબુ

[હસીને] એ કાંઈ સરલાનો દોષ નથી, વિભા એ દોષ તો શિક્ષણની medium ભાષા ઇંગ્રેજી છે તેનો છે. તમારી વાત શું કામ પણ આ ઉમરે હું પણ એ દોષમાંથી મુક્ત નથી.

વિભા

પરન્તુ આપ કોઈ બીજાની ટીકા કરવા નથી બેસતા !

સરલા

હું ફક્ત બીજા કોઈની ટીકા કરીને બેસી નથી રહેતી. હું તો મારી પણ ભેગી ટીકા કરું છું ને ! એ દોષ નિર્મૂળ કરવા માટે.

રેવા

ગુરુજી, સરલાએ જે ભિખારણને પૈસા આપી દીધા તે તો કોઈ નવીન પ્રકારની ભિખારણ લાગી. સરલાએ જ્યારે પૈસા દઈને એનો હાથ પકડીને ફરીથી આપવાનું કહ્યું ત્યારે એ છોકરીની બન્ને આંખોમાં આંસુ આવી ગયાં. અને બોલી ' મને ધિક્કારતાં નથી ?" સરલા કહે, "ધિક્કારું શા માટે ?" ત્યારે એણે એક ગાયન ગાઈ સંભળાવ્યું. એવું તો કરૂણામય ગાન હતું કે અમારી છાતીમાં ડૂમો ભરાઈ આવ્યો અને અમે સૌ રડી પડ્યાં.

વિજયા

મેં લખી લીધું છે એ ગાન. આ રહ્યું !

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

[થેલીમાંથી કાગળ કાઢીને વાંચવા જાય છે: રામબાબુની આંખો આંસુથી ભરાઇ જાય છે.]

રામબાબુ

વિજ્યા, તું તો ગાઇ શકે છે! ગાઇને સંભળાવને વિજયા.

વિજયા [ગાય છે].

(ભૈરવી)

અમે નિત દુખિયાં ભિખારી
ભિખારીને સહુ સદા ધિક્કારે—દુખિયાં ભિખારી
પેટ ભરી ખાવાનું ન મળે,
પરઘર ટુકડા માગી રઝળે;
તો ય સહુ ધિક્કારે—ભિખારી
ગંદે માથે ગંદે ચહેરે, ગંદે કપડે ભટકું શહેરે;
આગ ઓંગલે શોભા હરતી તેથી ધનિક સૌ ધિક્કારે–ભિખારી
ઉત્સવ લહેરો ઊડે જ્યાં જ્યાં, કંગાલી જે ઊભી રહે ત્યાં;
કરૂણ રવથી ભીખ માગતાં, ઉત્સવમાંહી ભંગ પડે ત્યાં;
તેથી લોકો ધિક્કારે—ભિખારી
કવખતે ને મેળવગર હું, કંગાલી જે ભીખ માગતી;
ભિખારીનું મલિન મુખડું, જોઇ ગૃહસ્થી ધિક્કારે–ભિખારી
ભિખારીને ઘર ભિખારી, ઊભી રહી જે ભીખ માગતી;
હું ભિખારી, તું ભિખારી, કહી મને તે ધિક્કારે–ભિખારી.

વીણા

ગાયન તદ્દન સ્વાભાવિક છે. વાસ્તવિક રીતે ધનિક, ગૃહસ્થ કે ગરીબ ગમે ત્યાં હેરાન એક ભિખારી થાય છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સરલા

ઓહ! ગુરુજી આમને આમ કયાં સુધી માણસ માણસ પ્રત્યેની આ ભયંકર અન્યાય ભરેલી ભૂલ નહિ સમજે? કયારે માણસ માણસ પ્રત્યે લાગણી રાખતાં શીખશે? એક જ પૃથ્વી ઉપર એક જ પ્રાણવાયુ લઈને, એક જ સૂર્યના તાપ નીચે, એક જ અસીમ આકાશ નીચે રહીને, માણસ કેમ એક થઇ શકે નહિ? ગરીબ, ધનિક, નાના, મોટા ભેદ ભૂલી જઈને, હૃદય ખોલીને એક એમ સાથે ભળી શકે નહિ? એવો દિવસ આવશે, કદી?

રામબાબુ

[ગદ્‌ગદ્ ભાવે] આવશે, બાપુ, આવશે. જગતની હવા જ બદલાઈ ગઇ છે એ જોતી નથી, જોને, પૂર્વમાં ઉદય થતો દેખાય છે! આખાય વિશ્વને પ્રેમતરંગથી ભીંજવી દેતો સમય ચાલ્યો જ આવે છે.....[દૂર દૂર જોઈ રહે છે]

[પડદો પડે છે]

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

બીજો અંક

પ્રવેશ પહેલો

[સરલાને ઘેર સોહિણી આરામ ખુરશી ઉપર બેઠી બેઠી વાંચે છે. સરલા બાજીએ ગાલ ઉપર હાથ રાખીને વિચારમગ્ન બેઠી છે. કેટલીક વારે સોહિણી હસીને એક કાગળની ગોળી વાળી સરલાને મારે છે.]

સોહિણી

એ, ડાહ્યલી! શું આકાશ પાતાળ એક માંડયાં છે? શું વિચારે ચડી ગઈ?

સરલા

કાંઇ નહિ–જા.

સોહિણી

પાછી મારી સાથે લુચ્ચાઈ! ભૂલી ગઈ લાગે છે. [મુક્કો બતાવે છે.]

સરલા

[હસીને] ખરેખર તને તો બહેનને બદલે ભાઈ સરજી હોત. તારી રીતભાત બધી ભાઇ જેવી તો.

સોહિણી

વાત ઉડાવવાની નથી. બોલ શું થયું છે તે.

સરલા

કોણ જાણે, મને કાંઇ ગમતું જ નથી.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સોહિણી

તું અત્યાર સુધી બેઠી બેઠી શેના વિચાર કરતી હતી તે બોલ.

સરલા

કાંઈ નહિ, કહું છું.

સોહિણી

વળી ઉડાવી, વાત ? અહીં પડી, પડી, આ નાટકનો એક અંક હું વાંચી ગઇ ત્યાં સુધી જો કોઇ કાંઇ વિચાર કર્યા વિના બેસી શકે તો તો તે આખી દુનિયા પલટાવી નાંખે. બોલ, શું વિચાર કરતી હતી ?

સરલા

વિચારતી હતી કે આખું જગત્ અખૂટ સૌંદર્યથી ભર્યું છે પણ તેમાં મારે મન ગમતું કાંઇએ નથી–કોઇએ નથી.

સોહિણી

એય નિમકહરામ, હું નથી કે ?

સરલા

[હસીને] તું તો અરધો ભાઇ અને અરધી બહેન. મારે એકે ય મિત્ર એવો નથી કે જ્યાં હું મારા મનનો આનંદ મેળવી શકું.

સોહિણી

મિત્રો મનગમતા મળતા નથી, કરી લેવાના હોય છે— અરે, એક સરસ વાત કહેવાનું તો હું ભૂલી જ ગઇ. તારી સખી ભદ્રા તો પ્રેમમાં પડી છે!

સરલા

શું ? ભદ્રા ? કદી નહી. બને જ નહિ.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સોહિણી

બને જ નહિ શું. મેં મારી સગી આંખે જોયું અને કાને સાંભળ્યું.

સરલા

શું કહે છે ? કયાં ? કોની સાથે ?

સોહિણી

[થોડું હસીને] પ્રેમમાં પડી છે એટલે of course not conjugal but platonic love. જર્મનીથી પાછા ફરેલા એક નીલકંઠ નામના આજીવન કૌમારવ્રતધારી યુવક સાથે—મારે તેની સાથે અલ્હાબાદમાં વાત થઈ હતી. સુંદર યુવક છે. પણ બિચારાની ભદ્રા જેવી જ દશા છે. આ આજીવન કૌમારવ્રતના પ્રતિજ્ઞા પત્ર ઉપર તેણે એકલાએ જ સહી કરી છે.—Birds of the same feather બંનેનો એવો તો મેળ જામ્યો છે કે જાણે દૂધમાં સાકર ભળી.—તે કંઈ સાંભળ્યું નથી ?

સરલા

ના, ના. શું શું ? મને બધું સ્પષ્ટ કહે તો.

સોહિણી

હું બે ત્રણ દિવસથી જોઉં છું કે ભદ્રા અને નીલકંઠ એકસાથે ફરવા જાય છે. કાલે તેમની પાછળ પાછળ જઈને મેં તેમની વાતો સાંભળી. ટૂંકામાં ભદ્રાને નીલકંઠ સાથે અમેરિકા જઈ ત્યાંની youth movementનો અભ્યાસ કરવાની ધૂન લાગી છે. પણ ભદ્રાનો પિતા આવા પરાયા યુવક સાથે અને તેમાંયે પરણ્યા વિના ભદ્રાને જવા દે તેમ નથી. હવે બન્ને આજીવન કૌમારવ્રતધારી છે તેમનાથી લગ્ન કેવી રીતે થાય ? પણ તેઓએ એનો ઉકેલ કાઢયો છે કે બન્નેએ લગ્નમંડપમાં બેસી લગ્નનું

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

નાટક ભજવવું પણ મંત્રોચ્ચાર ન કરવા. અને બન્નેએ ભાઇ-બહેનનો સંબંધ રાખી અમેરિકા જવું.

સરલા

આશ્ચર્ય! ભદ્રા આમ કરે એ જ મને નવાઈ લાગી! આજીવન કુંવારા રહેવા પ્રતિજ્ઞા લીધાંને હજી પૂરા ત્રણ મહિના થયા નથી.

સોહિણી

અરે એમાં થઈ શું ગયું? તું એટલું પણ સમજતી નથી કે આ તો કાંઇ ખરેખર લગ્ન નથી. આ તો માત્ર લગ્નનો પાઠ ભજવવાનો છે. એ તો ગમે તેમ હોય પરન્તુ તને તો તારી દલીલનું સમર્થન મળી ગયું!

સરલા

ના, ના, મારે એવાં સમર્થનની કશી દરકાર નથી. હું તો આ ચાલી એને સમજાવવા અરે, જીવનની પ્રતિજ્ઞાનો ભંગ કર્યો ત્યારે બાકી રહ્યું શું? એટલા માટે તો પ્રતિજ્ઞા લેવાની હું ના કહું છું. વારૂ, એક પ્રતિજ્ઞા જે કુંવારા રહેવાની તેનો ભંગ થઇ ચૂક્યો પરંતુ પ્રતિજ્ઞાના બીજા ભાગનો ભંગ નહિ જ થાય એની ખાત્રી શી?

સોહિણી

એની ખાત્રી છે. તું ગાંડી થઇને જે તે કરી નાંખતી નહિ. આ તો એક ગમ્મતનું નાટક થવાનું. આ આટલી ચિઠ્ઠી જરા મનમાં વાંચી જા અને મને શાબાશી આપ. જો જે કોઇને કાંઈ કહી બેસતી નહિ.

સરલા

[ચિઠ્ઠી વાંચતાં વાંચતાં, ખૂબ હસે છે] અરે, ચીબાવલી, તારામાં આટલી બધી હોશિયારી ક્યાંથી આવી ગઈ? વારૂ, તું

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તો અમારી સભાની સભ્યા નથી છતાં તને વળી અમારી સભામાં આટલો બધો રસ કયાંથી ?

સોહિણી

Because I love you, my dear.

त्वमसि मम जीवनम्

त्वमसि मम यौवनम्

त्वमसि मम भवजलधीरत्नम्

[બોલીને સરલાની દાઢી ઊંચી કરી તેને ચૂમવા જાય છે ત્યાં]

સરલા

[કૃત્રિમ ગુસ્સો બતાવતાં ધક્કો મારીને] દૂર રહે કાલિ. તને તો નાટક કરતાં બહુ આવડે છે !

સોહિણી

અરે, મને તો નાટક કરવાનું બહુ જ ગમે. મારું જીવન આખું નાટક કરતી વીતાવી નાખું એમ થયાં કરે છે.

સરલા

જીવન એ જ એક મહાન્ નાટક છે ને.

સોહિણી

અને મારું પણ એક નાટક થશે—કહેાને; નાટકમાં વળી નાટક.

સરલા

તારો આ કાગળ વાંચીને તો મને અત્યંત રમૂજ પડે છે.

સોહિણી

એઈ, another idea તું પણ લગ્ન કરીશ નહિ; હું પણ ન કરું. ચાલને, ત્યારે, ભદ્રા અને નીલકંઠની સાથે આપણે પણ અમેરિકા જઈએ. હું થઈશ મી. શશિકાન્ત અને તું મારી [ગાતી] પ્રિયે, ચારુશીલે, કમલે, સુશિલે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સરલા

દૂર ખસ ડાહ્યલી.

સોહિણી

આહા, શી મધુર વાણી !

વદસિ યદિ કિંચિદપિ
તવ દંતરુચિ ચિર કૌમુદી
હરતિ તિમિરમતિ ઘોરમ્

સરલા

[વાંકી વળી મુક્કો ઊગામી] અને.....

આગચ્છસિ યદિ અતિ નિકટં
મારામીદમ્ મુષ્ટીઘાતમતિભારં

સોહિણી

ઓહ, સરસ Pose છે! ઊભી રહે, ઊભી રહે એક Snap લઈ લઉં.

[કેમેરા લઈ ફોકસ કરતી કરતી]

અરે, છી છી છી, pose બગાડી નાંખી ! આંખમાં આવેલું ચેલું તારું તોફાન ફરી લઈ આવ, તો ? હાં, હાં, બરાબર બરાબર—અરે, વળી પાછું માથું ઊંચું ન કર..... બરાબર...આહ, વળી હાથ.....

સરલા

અરે હું યે એનો જ વિચાર કરતી હતી. હાથ કયાં રાખું ? કાપી નાખું ?

સોહિણી

અરે રામ રામ. એ શું બોલી ? હાથ કાપી નાખે તો પછી તારું આ સૌન્દર્ય કયાં રહે ? એક કામ કર, હાથ કેડ ઉપર રાખ.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સરલા

કેમ આમ ?

સોહિણી

ના, ના, જરા ઉપર...અરે ગાંડી આટલો ઊંચો નહીં... અરે વળી પાછો આટલો નીચો કયાં રાખ્યો ? [સરલા સોહિણીના કહેવા પ્રમાણે હાથ ઊંચે નીચે ફેરવે છે]

સોહિણી

બસ, બસ, બરાબર આ પ્રમાણે જ.....અરે રે રે...પગ આ પ્રમાણે કયાં રાખ્યા ?

સરલા

શું હવે વળી પગ બરાબર નથી ? ત્યારે શું મારા બન્ને પગ માથા ઉપર મૂકું ?

સોહિણી

આ...હાં, બસ. એક, બે, ત્રણ.

સરલા

હાશ માંડ છૂટી. [લલિતા પ્રવેશ કરે છે]

લલિતા

સરલાબહેન તમને એક વાત કહેવા આવી છું.

[સંકોચ પામે છે.]

સરલા

આ સોહિણી મારા મામાની દીકરી છે. તારે જે કહેવું હોય તે મૂંઝાયા વિના કહે.

લલિતા

[ધીમેથી] કાલે ભદ્રાનાં લગ્ન થવાનાં છે અને તે પણ છૂપી રીતે.

સરલા

આ જ વાત હતી ને ? એ તો હું જાણું છું.

પુસ્તકાલય
ગુરુકુલ કાંગડી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

લલિતા

પણ પ્રતિજ્ઞા ?

સરલા

[હસીને] જે પ્રતિજ્ઞા અતૂટ ન રહી શકે તે પ્રતિજ્ઞા શાની ?

લલિતા

પરંતુ આ વિવાહ આમ ગૂપચૂપ થઇ જવા ન દેવા જોઇએ.

સરલા

કહી નહીં, કાલે વખતસર તું મંડળના બધા સભ્યોને લઇને ભદ્રાને ત્યાં હાજર થજે.

પ્રવેશ બીજો

[હરીશબાબુનું ઘર. નોકર અને હરીશબાબુ]

હરીશબાબુ

કેમ રે, ત્યાં શી ગડબડ ચાલી રહી છે ?

નોકર

બારાપીત્રાની ધમાલ ચાલે છે.

હરીશબાબુ

પણ એ બંદોબસ્ત કર્યો કોણે ?

નોકર

ભદ્રાબહેનની બહેનપણીઓએ બંદોબસ્ત કર્યો છે. આપને તો બારણાં બંધ કરી ગુપચુપ લગ્ન કરી નાંખવાં છે પણ એમ કઇ ચાલે ?

[બહાર કન્યાગણનો અવાજ થાય છે]

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

હરીશ્ચન્દ્રાણી

આ વળી શેની ગડબડ ?

નોકર

[બહાર જોઈને] આ તો બધી બહેનો આવી. [તાણીને] આવો આવો બહેનો. અહીંઆ જ આવોને !

હરીશ્ચન્દ્રાણી

મૂંગો મર મૂરખા. પાછો શાહુકાર થઈને બધાને અહીંઆ બોલાવે છે. બારણાં બંધ કર, બારણાં બંધ કર.

[સરલા, કમળા, શાન્તા, લલિતા વગેરે પ્રવેશ કરે છે]

સરલા

વાહ હરીશકાકા, તમે તો ભારે ભઈ ! દરવાજા બંધ કરી ચુપચુપ ભદ્રાનાં લગ્ન કરી નાંખવાં લાગે છે !

વીણા

ને વળી પાછા નોકરને કહે છે કે દરવાજો બંધ કરી દે. વાહ, વાહ.

હરીશ્ચન્દ્રાણી

[હસવાનો પ્રયત્ન કરીને] અરે ના ના. એમ તે કંઈ હોય ? હું તો તમારી વાટ જોઈને બેઠો છું ને ઉમાને કયારનો તમને બોલાવવા મોકલ્યો છે. બન્યું એમ કે જરા એકાએક વિવાહનું નક્કી થઈ ગયું એટલે પૂરાં આમંત્રણ પણ દેવાયાં નથી. ચાલો શુભ કાર્ય તો ઊકલી ગયું છે. અને હવે તમે આવી પહોંચ્યાં ત્યારે ખાઓ, પીઓ અને મઝા કરો—અરે કોણ છે ત્યાં ? આ બધી બહેનો આવી ગઈ છે. બેસારી દો બધાને જમવા.

[એક બાજુથી હરીશ્ચન્દ્રાણી બહાર જાય છે. બીજી તરફથી નીલકંઠ પ્રવેશ કરે છે.]

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સરલા

[આગળ આવીને]Hullo Mr. Nilkanth, our congratulations to you.

નીલકંઠ

[બધાને નમસ્કાર કરીને] Oh thank you very much. Do meet Mrs. Nilkanth; [અંદર જોઇને] Come out darling. No use hiding.

[વિભા અંદર જઇને 'ચાલ ચાલ' એમ કહીને ભદ્રાને હાથ પકડી બહાર લઇ આવે છે. એટલે ચારેબાજુથી ભદ્રાને સૌ અભિનંદન આપવા ઘેરી લે છે. ભદ્રા બિચારી શરમની મારી રોવા જેવી થઇ જાય છે.]

શાંતા

My hearty congratulation Bhadradevi. કેમ કમળા દેવી, કેમ કંઇ બોલતા નથી? રોમાન્સનો આટલાન્ટિક ઓશન કયા કિનારા ઉપર તોફાનને પહેલું ધસડી લાવ્યો? કોઇ બંદરના રેતીવાળા કિનારા ઉપર કે કોઈ unharboured coast ઉપર?

લલિતા

કુમારીસભાના સભ્યો, સૌ સાંભળો. આવતી કાલે આપણી સભાની એક બેઠક છે. કાર્યક્રમ જૂના પ્રમુખની જગ્યાએ નવા પ્રમુખની ચૂંટણીનો રહેશે.

વિભા

જૂના પ્રમુખ એટલે the then Miss Bhadra but now Mrs. Nilkanth by virtue of secret romantic and devine marriage right.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કમળા

ભદ્રાબહેન, સભ્યતા ખાતર મારે તમને અભિનંદન આપવું જ જોઇએ; પણ તમારા treacherous desertionથી અમારા હૃદયને જે આઘાત લાગ્યો છે તે હું કોઇ દિવસ ભૂલી શકીશ નહિ.

વીણા

ધીરાં પડો કમળાબહેન, ગઇગુજરી ભૂલી જાઓ... છોડેલું તીર, કહેલું વચન અને કરેલું લગ્ન પાછાં ફરે નહિ. ભદ્રાબહેનનાં લગ્નોત્સવના આનંદપ્રવાહમાં પ્રતિજ્ઞાની ગ્લાનિ ઘોઇ નાખો, અને આનંદ કરો. અને દેવસ્થાનમાં દીવો કરી પ્રતિજ્ઞા તોડવા માટે નહિ પણ પ્રતિજ્ઞા લેવાના પાપ માટે પ્રાયશ્ચિત એની પાસે કરાવો.

સરલા

આવો, ભદ્રાબહેન, સૌથી છેલ્લે મારાં અભિનંદન સ્વીકારો. [ભદ્રા સરલાને ગળે વળગી પડીને રડું રડું થતી]:—સરલાબહેન બીજા ભલે ફાવે તેમ બોલે, ફક્ત તમે જ મને બરોબર ઓળખો છો અને માટે તમે મને સમજી શકશો.

ભદ્રા

તમે જ બોલોને નીલકંઠભાઇ ?

નીલકંઠ

હું શું કહું વળી ! તમે આ લગ્નને આમ ઉડાવી દેવા માગો છો તે ઠીક ન કહેવાય. હું તે સહન કરવા તૈયાર નથી.

ભદ્રા

[મોં લાલ થઈ જાય છે] એટલે ?

નીલકંઠ

[હસતા હસતા] એટલે એમ કે સદ્‌ભાગ્યથી મારા હાથમાં જે ઉજવળ રત્ન આવી ગયું છે તે હું જતું કરવા તૈયાર નથી.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ભદ્રા

[મોટથી] તમે ભણેલ ગણેલ ઉચ્ચ વિચારના સદ્‌ગૃહસ્થ છો ને ! આમ જ પ્રતિજ્ઞાઓ પળાતી હશે કે ?

નીલકંઠ

હા હા હા હા. પ્રતિજ્ઞા કેમ પાળવી તે વળી તમારી પાસે શીખવું પડશે કે ? કયાં રહી ગઇ તમારી કુમારી–સભાની પ્રતિજ્ઞા ?

ભદ્રા

[ખૂબ ઝોરથી] કોણ કહી શકે કે મેં પ્રતિજ્ઞા તોડી છે ? મેં તો એક નાટક કર્યું છે. લગ્નમંડપમાં બેઠી પણ મંત્રોચ્ચાર નથી કર્યા.

નીલકંઠ

પણ મેં કર્યા છે ને ! બીજી કોઇ રીતે તમે લગ્ન કર્યું હોત તો સવાલ જુદો હતો. પણ તમે મારી સાથે હિન્દુ લગ્ન વિધિથી બંધાયાં છો. હવે હું તમને છટકી જવા દઉં તેમ નથી.

ભદ્રા

[ગભરાઇને] સરલાબેન શું કરું ? આમાંથી કેમ કરી છૂટવું ? હું ખરું જ કહું છું કે મારું આ લગ્ન ખરું લગ્ન જ નથી. આ તો એક નાટક માત્ર છે. ફકત એક ઉદ્દેશ પાર પાડવા માટે મારે આ અભિનય કરવો પડયો છે.

[બોલી સરલાની છાતી ઉપર મોં રાખી રડવા લાગે છે. સરલા સ્નેહ સાથે તેના આંસુ લૂંછતી]

સરલા

અરે ભદ્રાબહેન ગભરાઓ છો શાના ? હાસ્તો આ નાટક જ છે. આ નાટક એ જ મારી પ્રતિજ્ઞાનું સમર્થન ! આ તમારા વર —આ મી. નીલકંઠ તે મારા મામાની દીકરી સોહિણી અલ્હાબાદ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

યુનિવર્સિટીની એમ. એ. હજી તો મહિના પહેલાં જ તે અહીં આવી છે. [કહીને નીલકંઠની બનાવટી મૂછો ખેંચી કાઢે છે.]

ભદ્રા

અરે, અરે, મી. નીલકંઠ પુરુષ નથી? મીસ સોહિણી? સરલાની બહેન?

વિભા

Why this is quite a new real life comedy of errors.

ભદ્રા

મીસ સોહિણી, તમે કશી ઓળખાણ વિના મારી સાથે જે જાતનો વ્યવહાર કર્યો છે તે સભ્યતા ન કહેવાય. સાચું કહું તો આ બહુ અપમાનકારક ગણાય.

સોહિણી

મીસ ભદ્રા, એ માટે હું ઘણી દુઃખી છું. તમે જો આ વાતને આટલું ગંભીર રૂપ આપતાં હો તો હું તમારી ક્ષમા માગું છું. પણ મારે મારા બચાવમાં એટલું જ કહેવાનું છે કે આમાં જરૂર સભ્યતાની હદ ઓળંગાઈ ગઈ છે પણ નાટકની હદ તો બરાબર સચવાઈ છે.

સરલા

ખરું છે. નાટકમાં વળી માનાપમાન શાં? આ તો આપણે નાટક ભજવીયે છીએ. કાલે આપણે અમેરિકા જઈએ છીએ તે માટે આજે પાર્ટી ગોઠવી છે. પાસપોર્ટ લેવાઈ ગયો છે અને બર્થ પણ રીઝર્વ થઈ ગઈ છે. તું, હું, સોહિણી, વિભા, રામબાબુ અને હરીશકાકા કાલે અમેરિકા જવા માટે મુંબઈ જઈએ છીએ.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

[રામબાબુ અને હરીશબાબુ પ્રવેશ કરે છે.]

હરીશબાબુ

અરે રામબાબુ ચુપચુપ અમેરિકા જવાની બધી તૈયારીઓ કરી નાખી છે અને મને ખબર પણ નથી આપતા ?

રામબાબુ

કોઇને કશું જણાવ્યા વિના સોહિણીએ જ બધું નક્કી કરી નાખ્યું છે. સરલાને પણ કાલ સુધી અંધારામાં રાખી હતી.

રામબાબુ

ઠીક ચાલો મિષ્ટાન્ન લાવો. આજનું નાટક મધુરેણ સમાપ્ત કરીએ. વિજયા તું એક ગીત ગા. ભગવતીઓ, આજના નાટકનો સાર આ છે. એક સરલાના મત પ્રમાણે જીવનમાં પ્રતિજ્ઞા લેવી કોઇ રીતે ઉચિત નથી. અને બીજું સોહિણીના આદર્શ પ્રમાણે બધાં કામ मनसा चिन्तयेत् कर्मम् वचसा न प्रकाशयेत् ।

(ભોજન—સંગીત)

[પડદો પડે છે]

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જે કહેવાય તે, આ તે થયું શું ?

પાત્રો]

યોગેશકાકા	ગાળો દેનાર
રમેશ	દામુ
વરદા	દેવલો
નરેત્	દિનકર
બાબાજી	મણીલાલ
પંચાણ	શશિવદન
કોન્સટેબલ	ડોક્ટર
	બીજો નોકર

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મહેન પંડ્યા

[વરદાચરણ બાબુના મકાનની ઓશરી. સરબીરીતે ગોઠવેલી ખુરશીઓ વગેરે. સામે નાનું ટેબલ. એક બાજુએ ટેલીફોન. વરદાબાબુ બહુજ કામમાં હોય એવો પોતાના મોં ઉપરનો દેખાવ. પોતે કપડાં પહેરી ખુરશીપર બેસી નોકર પાસે જોડાની વાધરી બંધાવે છે]

વરદાબાબુ

અરે, લેને જલ્દી કરને, એક વાધરી બાંધતાં કેટલી વાર લાગે? [રિસ્ટવોચ તરફ જોઇ] ઓહ, અગિયાર તો વાગી ગયા. લે, લે, જલદી કર [કહીને માથામાં ટાપલી મારે છે].

[બીજો નોકર પ્રવેશ કરે છે.]

બીજો નોકર

જી, નાનાભાઇને તાવ બહુ ચડ્યો છે. કાકા કહે છે હમણાં તમો બહાર જશો નહિ. અને મોટરને ડોકટરને તેડવા મોકલો.

વરદાબાબુ

[ખુરશીમાં ઊભા થતાં થતાં] ઉંહ, "બહાર જશો મા" કાકાને એમાં શું? [સ્વગત] ઉં બહાર જશો નહિ [થોડું હસીને] ઉંહુ, બહાર જશો નહિ. લાખ રૂપીઆનો સોદો in one stroke અને ભાઈ બોલ્યા, બહાર જશો નહિ. [હસવા લાગે છે.]

યોગેશબાબુ

[પ્રવેશ કરી] જે કહેવાય તે તમને કહું ભાઇ છોકરાને તાવ બહુ ચડ્યો—જે કહેવાય તે તમને કહું અને જે કહેવાય તે તમને કહું તે વહુ ઘેર નથી જે કહેવાય તે તમને કહું.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વરદાભાઈ

[બેદરકારીથી] તમારું તો જે કહેવાય તે ચાલ્યું પણ અહીં મને બિલકુલ વખત નથી. લ્યો, આ ડાકટરને ટેલિફોન કરી દઉં ? એ આવે એટલે દવા બવા દેવી હોય તે દઈ દેજો.

[ફોનનું ડાયલ ફેરવતાં ફેરવતાં] હલ્લો, જુઓ તો શશીવદન, બોમ્બે વર્કસના જેટલા શેર મળી શકે તેટલા ગમે તે ભાવે લઈ લેો. હેં—ઓહોહો—આપ તો ડોકટર સાહેબ છો—કાં ? માફ કરજો હોો. ભારે ગોટાળો કર્યો. મારું માથું ભમી ગયું લાગે છે. મને એમ કે હું મારા સેક્રેટરી સાથે વાત કરું છું. હાં, જુઓ તો ડોકટર સાહેબ મારાં વાઇફ ઘેરે નથી—[જરા મગરૂરીથી] તે બાલહિતૈષીણી સભાનાં આજે પ્રમુખ એટલે—અને હું બહુ કામમાં છું. અને નાના છોકરાને તાકડે તાવ આવ્યો છે. જરા આવીને જોઈ જાઓને.....હાં કાકા ઘેર છે...Oh Thanks. [ટેલિફોન મૂકી રિસ્ટ વોચ જોઈ] અરે સવા અગિયાર તો બજી ગયા—અરેરેરે—[ફરીથી ડાયલ ફેરવીને ખૂબ ઉતાવળથી] જુઓ તો ડોકટર સાહેબ, નાનાભાઈને તાવ—અરેરેરેરે. હતતારીકી, ઉતાવળમાં ને ઉતાવળમાં માથું ભમી જાય છે તો...શશીવદન, હેલો, શશીવદન, હેલો, હેલો, હલ્લો—[ઘડિયાળ તરફ જોઈને] હેલો [ઊંચેથી] હેલો, હેલો, હેલો [રસ્તા ઉપર એક સિપાઈ નીકળે છે તે પૂછે છે કચું સાબ, કુછ ખરાબી તો નહિ હય ?]

વરદાભાઈ

તેરા બાબાકા માથા મુંડી નહિ હોા ગયા હોતા હે...જા... જા...તુ તમારા રસ્તા પકડ હોા તા હેં...જા. અરે, હેલો, તારી જાતના હેલો, (ફોન ખડખડાવતાં ખૂબ જોરથી) હેલો. આહ...વાહ, વાહ, શશિવદન, આ તે કોઈ રીત છે ? કયાં ગયા હતા ? હાં, જુઓ તો મારાં વાઇફ ગયાં છે બાલહિતૈષિણી...અરે ના, ના, ના. હું

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જે કહેવાય તે,

એમ કહેતો હતો...હાં, હાં. શું કહેતો હતો ? ઓહ, હાં, બજાર-માંથી જેટલું મળી શકે એટલું પોલાદ ખરીદી લ્યો. હાથ કરી લ્યો. શું કહ્યું ? હાં, હાં, એ તો થઈ ગયું કાં, ગઇ કાલે પેલા દામુએ લઇ લીધું કેમ ? [ચાકર પ્રવેશ કરે છે.]

ચાકર

જી, નાનાભાઈ પાણી માગે છે તે આપું ?

વરદાભાણુ

તારું માથું, કપાળ તારું—અરે ના, ના, શશિવદન તમને નહિ હં એ તો આ નોકરને કહું છું. હાં, જુઓ તો બોમ્બે વર્કસના જેટલા શૅર હોય તેટલા ખરીદી કાઢો.

યોગેશભાણુ

[ચાકરને] જે કહેવાય તે તમને કહું, જરા સોડાવોટર આપતો જા. ડોકટર સાહેબ આવે એટલે હું આ ઉપર આવ્યો.

[વરદાભાણુ જતાં જતાં રસ્તામાં બૂટ ચૉલીશનો સામાન પડેલો છે તે ઠોકરે ચડે છે.]

જોગેશ

જે કહેવાય તે, તમને કહું બહુ ઉતાવળ છે ?

વરદાભાણુ

[ઠોકરે ચડેલા સામાનને લાત મારીને અને નોકરને ટાપલી મારીને] ગધેડા, પાલીસનો સામાન રાખવાની જગ્યા મળતી નથી કે ?

યોગેશભાણુ

જે કહેવાય તે આ...છીં [કહેતાં છીંક ખાય છે.] તમને કહું રામ...રામ. રામ...

વરદાભાણુ

[મોં બગાડીને] એંહ, રામ...રામ. છીંક ખાવાનું ઠીક અત્યારે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સૂઝયું. કેમ ? [એમ બોલી જવા જાય છે ત્યાં ફરીથી યોગેશભાઈ છીંક ખાય છે "આ...છી. આ...છી"] આજનો દાવ સવળો પડે એમ લાગતું નથી. જાઓ જાઓ કાકા, ઘરમાં જાઓ. અહીં ઊભા ઊભા આચ્છી, આચ્છી કરો તે નહિ ચાલે.

યોગેશભાઈ

તમને કહું જે કહેવાય તે શરદી...શરદી...શરદૃઋતુ ખરીને ? જે કહેવાય તે આ શરદીછીંકનું અપશુકન હોય નહિ. તમને કહું.

વરદાભાઈ

[ચાલતા ચાલતા વળી પાછી ઠોકર વાગે છે.] તારું ભલું થાય. વિઘ્ન ઉપર વિઘ્ન. અરે જવા દે, આ તો કહેવાય વહેમ...સુપર સ્ટિશન. mere સુપરસ્ટિશન.....[મોટરમાં બેસે છે] ચાલ ચાલ ચાલ જવા દે જલદી, શેર બજારમાં, જવા દે આગળ પાછળ જોયા વિના.

યોગેશ

[નોકરને] રામ, રામ, જે કહેવાય તે, ભાઈને તો સમય જ બિલકુલ નથી ને ? પાઈની પેદાશ નહિ અને ઘડીની નવરાશ નહિ એવા વેપાર; પાંચ પૈસા જે કહેવાય તે ઘરના જોડતા હશે. તમને કહું.

નોકર

અરે જુઓ તો ખરા કાકા. ભાઈને તાવ ભર્યો છે અને આ સાહેબને પુરસદ નથી. જણેતાનાં પણ કયાં ઠેકાણાં છે ? પોતાનું પેટ આમ.....

યોગેશ

એ તો બાલહિતૈષણી સભામાં ગયાં જે કહેવાય તે.

ચાકર

પણ કાકા, આ રમેશભાઈનું કેમ ધારો છો ? એની રીતભાત નવી જ જાતની છે, હો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

યોગેશ

જે કહેવાય તે બાપ આમ ઉતાવળીઓ એમ તમને કહું, બેટા વળી, જે કહેવાય તે...ચોપડી વાંચી વાંચીને એનું ચિત્ત ઠેકાણે નથી સમજ્યો કે નહિ? જે કહેવાય. તે એને ગળે તો જ્યારે બાઈડીનું વળગણ પડશે ત્યારે, તમને કહું ઠેકાણે આવશે. ગુરુ બાવાને મેં કહી રાખ્યું છે તે એ એને બરાબર ઠેકાણે લાવશે. લ્યો, આ, જે કહેવાય તે, ભાઈ આવ્યા.....કેમ, રમેશ, ઊંઘ ઊડી કે બેટા?

રમેશ

[આંખો ચોળતો ચોળતો] એ જ તો કાકા સંસારનું મહાદુઃખ છે ને, કે, ઊંઘ ભાગી જાય! આહા. સમસ્ત જગતની બધી જંજાળ બાજુપર રાખીને, જો એકલી ઊંઘ જ આવ્યા કરતી હોય તો પછી દુઃખ અને હાહાકારને અવકાશ જ રહે નહિ હો. પોલિટીકલ, સોશીઅલ, ઇકોનોમીકલ, એથીકલ, એજ્યુકેશનલ..... પ્રોબ્લેમ્સ! હજાર જાતનાં નૉટી પ્રોબ્લેમ્સ [હાથ ઊંચા કરી આળસ મરડી ફરી બગાસું ખાય છે] અને પગથિયા ઉપર બેસી જાય છે.

યોગેશ.

આટલી બધી ખુરશી, આરામ ખુરશી પડી છે તે છોડીને જે કહેવાય તે રમેશ, તમને કહું, ત્યાં બેસવાનું સૂઝયું?

રમેશ

કાકા, શું વાત કરું, અહીંની મજાની? અહીં બેઠાં બેઠાં રસ્તાની બધી ગમ્મત અને ગોટાળા જોવાની બહુ લહેર આવે છે. કાકા, જરા મનુષ્ય સ્વભાવનું નિરીક્ષણ જોવાનું પણ મળે છે.

(ડોક્ટર આવે છે)

યોગેશ.

આ ડોક્ટર સાહેબ, જે કહેવાય તે તમને કહું, પધારો પધારો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ડૉક્ટર

(બહુ કામમાં હોય તેમ) હાં, હાં. જય જય, જય જય. ચાલો, ચાલો, ચાલો. બહુ કામ છે. આજે તો બિલકુલ સમય નથી. (અંદર જાય છે; તેની પાછળ ચાકર તથા ચેલાઓ પણ અંદર જાય છે)

રમેશ

(ડૉક્ટરની પાછળ લટકું કરી, બે હાથ ફેરવીને) બસ બહુ કામ છે આજે તો! બિલકુલ સમય નથી! અરે જા રે ભાઈ, સામે અનન્ત કાલ પડ્યો છે અને કહે છે કે બિલકુલ સમય નથી!

(ગુરુ બાવા પ્રવેશ કરે છે)

ગુરુબાબા

નારાયણ—નારાયણ— કેમ ભાઈ, રમેશ, અહીંઆ આસન લગાવ્યું છે આજે તો?

રમેશ

અરે છી...બાબાજી, સાધુપુરુષ થઈને વળી અહીં—ત્યાંનો ભેદ રાખો છે!

ગુરુબાબા

[પાસે બેસી જઈને હસીને] હા, હા, હા. આજ તો ભાઈ ખૂબ ધર્મભાવના ખીલી છે ને શું?

રમેશ

ઓહ્ બાબાજી, ભીષણ સ્વરૂપે ધર્મભાવના ખીલી છે આજે તો. મને પોતાને હવે તો બીક લાગવા માંડી છે કે આ પ્રવાહ આમને આમ ચાલે તો સમસ્ત વિશ્વનો પ્રલય થઈ જાય. બાબાજી, એક સુંદર ગીત સંભળાવો આજે તો.

[બાબાજી ભાવના પૂર્ણ ગીત ગાય છે]

રમેશ

વાહ, બાબાજી, આ સાંભળીને તો રડી જવાય છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

બાબાજી

[ગંભીરતાથી] ગમ્મત, કે, રમેશ ?

રમેશ

[ગંભીરતાથી] ના, ના. સત્ય કહું છું. બાબાજી, કબૂલ કરું છું કે તમારાં આ કાષાય વસ્ત્રો એ જગતને સમજાવવા માટેનાં નથી. ખરેખર એની પાછળ ત્યાગવૃત્તિ દેખાઈ આવે છે.

[ગુરુબાબા ગદ્‌ગદ બની જાય છે.]

રમેશ

અરે વાહ, આપ આમ અશ્રુ લાવો એ કેવું ? આપ જેવા સમર્થનો અશ્રુપ્રવાહ આમ બહાર ન દેખાય. હૃદયમાંને હૃદયમાં નીતરેઃ અને સર્વ વ્યથા એ પ્રવાહથી શુદ્ધ બનીને બહાર નીકળે ત્યારે તે દેખાય સુન્દર—મીઠું હાસ્ય!

[ડૉકટર અને યોગેશ બહાર આવે છે.]

ડૉકટર

[ઉતાવળથી બોલતાં] બસ કાંઈ ફિકર નથીઃ તાવ ઊતરતો છેઃ ત્રણ ચાર વાગે તો તદન ઊતરી જવો જોઈએ. તાવ ઊતરે કે તરત ચાર ગ્રેન ક્વિનાઇન આપી દેજો. સમજ્યા કે! [કહીને જાય છે]

યોગેશ

[ગુરુ બાબાને] જે કહેવાય છે તમને કહું. પ્રણામ કરું છું, બાબાજી, કયારે પધાર્યા ? તમને કહું ખુરસી ઉપર બિરાજોને.

બાબા

ના, રમેશની સાથે બેસીને અહીં બેઠાં બેઠાં ઠીક આનન્દ પડે છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

યોગેશ

જેવી ઇચ્છા આપની, જે કહેવાય તે તમને કહું, એવો, વાતો કરો. હું જરા ઉપર જઈ આવું. જતાં પહેલાં મને મળતા જજો, જે કહેવાય તે બાબાજી. [જાય છે]

ગુરુબાબા

હાં, રમેશ...તું તો જ્ઞાનમાર્ગની ઉપર જવા લાગ્યો. ભાઈ, કેટલોક અભ્યાસ વધાર્યો ? કઈ બાજુ આગળ વધવા ધાર્યું ?

રમેશ

બાબાજી, જ્ઞાન તો એકદમ ભરપૂર સમજો. આપ ચોંટીઓ ભરો તો કહી દઉં કે ચોંટીઓ ભર્યો ! તમાચો મારો તો કહી દઉં કે તમાચો માર્યો ! ગાય ખાય ઘાસ, પક્ષી ઊડે, ગધેડું લાત મારે, સાકર ગળી લાગે, લીંબડો કડવો હોય, પાણી ઢોળે તો રેલો ચાલે, પત્થર કઠણ હોય, રૂ પોચું હોય, એ બધાં સત્યો એકદમ આંગળીને વેઢે સમજો. અને કઈ બાજુ વધવાનું પૂછો છો ? અરે ધડ દઈને પડું તો પાછળની બાજુ અને પથારીમાં સૂઉં તો આ બાજુ, ને પેલી બાજુ એમ પડખાં બદલતાં થાકું તોય વધું નહિ, ઘટું નહિ.

બાબાજી

વળી પાછી ગમ્મત કે ? હું તને ગંભીરતાથી પૂછું છું.

રમેશ

હા, હા, પૂછો. હું પણ ગંભીરતાથી ઉત્તર આપીશ, પછી કાંઈ ?

બાબાજી

અરે એક વાત પૂછી લઉં:—જો સાંભળ તારાં લગ્ન હવે થવાં જોઇએ એમ તને નથી લાગતું ?

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

રમેશ

માર્યા, બાપાજી, તમે તો મહા ગંભીર વાતને આમ ધડાકા સાથે મારી સામે લગાવી દીધી! આનો જવાબ હું શું આપું? વ્યવહારદક્ષ પુરુષ કહે છે કે "લક્કડકા લડ્ડુ ખાયગા વો ભી પસ્તાયગા ઔર નહિ ખાયગા વો ભી પસ્તાયગા." હવે હું એમ પૂછું છું (ધીમે ધીમે—ચાવી ચાવીને) જે ખાય તે પસ્તાય અને ન ખાય તે પણ પસ્તાય તો પછી લગ્ન કરવાં કે ન કરવાં એ વાતનો નિર્ણય માત્ર પસ્તાવા માટે કરવાનો રહેતો હોય તો એવો પસ્તાવો કરાવવા વિષે સાધુ પુરુષ શા માટે પ્રવૃત્ત થયા છે એ કહેશો?

બાપાજી

ત્યારે હું એમ પૂછું, રમેશ, કે તું ત્યાગવૃત્તિ પસંદ કરવા લાગ્યો કે શું?

રમેશ

અમને પસંદ શું વળી? બાપાજી, હું તો એક મહા ત્યાગી પુરુષ છું. પ્રથમ તો જગતનું દર્શન થયું ત્યારે માતાના ઉદરનો ત્યાગ કર્યો. તે પછી જેમ જેમ મોટો થતો જાઉં છું તેમ તેમ બાળપણાનો ત્યાગ કરતો ગયો. તેની સાથે બીજા કેટલા ત્યાગ કર્યા તે કહું? ભણતર-ત્યાગ, ધંધા-ત્યાગ, જ્યાં માર ખાવાનો સંભવ હોય ત્યાં-ક્રોધ અને હિંસા-ત્યાગ અને ત્યારપછી—સૌથી જબ્બર ત્યાગ, [નિસાસો મૂકીને] રોજ કરવો પડે છે તે નિદ્રાનો. હમેશાં દિવસ ઊગ્યા પછી ત્યાગ!

બાપાજી

બસ, ખરેખર તું આજે ગમ્મતને રસ્તે ચડી ગયો લાગે છે. નારાયણ, નારાયણ. ચાલ કાકાને મળી લઉં.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

રમેશ

અરે એસો એસો, બાબાજી સાધુ પુરુષને આમ ગુસ્સે થઈ જવું ઘટે નહિ.

બાબાજી

ના, અત્યારે તો જવા દે.

રમેશ

[રસ્તા ઉપર નજર નાંખીને] માણસો પણ.....આહાહા, શી દોડાદોડ કરે છે! બધાના મુખ ઉપરનો ભાવ તો જુઓ. પેલો જાય છે તે જાણે કે દુનિયા ઊલટી પડી હોય નહિ! એકની પાછળ બીજો, બીજાની પાછળ ત્રીજો, ત્રીજાની પાછળ ચોથો એમ જાણે કે લૂંટાઈ જતું ન હોય એમ સૌ ચાલી નીકળ્યા છે! [હાક મારે છે] એ નરેન્ આમ આવ, આમ આવ, કયાં આમ શરતના ઘોડાની જેમ ભાગ્યો ?

રમેશ

[નરેન્ પ્રવેશ કરે છે. તેને પગથી માથા સુધી નિહાળીને] શું છે ? શું થઇ ગયું તને ? હાથમાં થેલી, ધાબળો, લોટો, આ બધું છે શું ? ખરેખર દોરી–લોટો અને ઝોળી લીધાં કે શું ?

નરેન્

બસ, ભાઇ આ સંસારને તો દૂરથી જ નમસ્કાર કરું છું. ખરું કહું છું. કાંઇ જ નથી આ સંસારમાં—બધું પોલું અને ઢમઢોલ જેવું.

રમેશ

[હસીને] ઓહો, ખરેખર કે ? સત્ય તો બરાબર ભીંસીને પકડી પાડયું કે શું ? પણ આટલો એકાએક વૈરાગ્ય આવવાનું કારણ શું તે તો કહે ?

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

નરેન્

એકાએક નથી ભાઇ. આ તો બહુ લાંબા વખતથી સેવેલો ઊંડો વૈરાગ્ય છે તે આજે હવે આમ બહાર દેખાય છે.

રમેશ

પણ કંઈ કારણ તો બન્યું હશે ને ?

નરેન્

તમને કયાં નથી ખબર, આ નૉન કોઓપરેશનની હીલચાલની. કૉલેજ છોડી, અને સત્યાગ્રહમાં જોડાયો એટલે જાણે કે હું ઘરનો મટયો. ઘાટનો રહ્યો છું કે નહિ તે તો કોણ જાણે કેમકે લીડર્સ જુઓ તો લેડર જેવડા લાંબા અને ઊંચા અને અમે કામ માગીએ ત્યારે કહે કે વ્યક્તિગત કરી લ્યો.

રમેશ

વાહરે, નરેન્ તું તો ભારે ગમ્મત કરે છે. લેડર એટલે તો નિસરણી તે જ્યારે ઉપર ચડવું હોય ત્યારે ચડવામાં કામ લાગે અને પછી જ્યારે જરૂર પડે ત્યારે સરકી પડે તેનું નામ લીડર.

નરેન્દ્ર

ત્યારબાદ લડત છોડીને પાછો આવ્યો અને જ્યાં જાઉં છું ત્યાં માગે છે કૉલેજડીગ્રી! કયાંથી લાવું ડીગ્રી ? હવે રસ્તો એક આધ્યાત્મભાવનામાં જોડાવાનો રહ્યો છે તે લઉં છું. ગયો એક ગુરુ પાસે. ગુરુને પૂછયું ત્યારે કહે, "તૂ તેરા રસ્તા ઢૂંઢ લે." અરે હું મારો રસ્તો શોધી શકતો હોત તો તમને શું કામ પૂછત ? ઘેર આવ્યો ત્યાં બાપાએ ઘરપકડ કરી અને બાંધી દીધો મને એક લાલકપડાવાલી સાથે! એને મહેનત કરી કરીને તૈયાર કરી એટલે એ વળી ચાલી સત્યાગ્રહની લડતમાં. બસ લાગ્યો વજ્રાઘાત આ હૃદયને અને નીકળી પડયો છું આજ ઝોળી લબંને,

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

[રમેશને] હસે છે શું, બતાવ મને આ સંસારમાં બળ્યું છે શું, બોલ—બતાવ !

રમેશ

ઠીક હવે જવું છે ક્યાં તે તો બોલ ?

નરેન્દ્ર

જ્યાં આ બે ચક્ષુઓ લઈ જાય ત્યાં.....દૂ...૨...દૂ...૨ હિમાલયે.

રમેશ

હત્ તારું ભલું થાય. એકદમ હિમાલય જેટલે દૂર ? પણ બૂલીશ નહિ, નરેન્દ્ર, કે ધરની આગથી બળી જંગલમાં જઈશ ત્યાં પણ તારે માટે આગની આગ જ રહેવાની છે.

નરેન્દ્ર

[ઝોળી વગેરે ફેંકી દઈને રમેશની સામે જોઈ બેસી જઈને,] અરે હા, એ તો મને ધ્યાનમાં જ આવ્યું નહોતું, રમેશ !

[રમેશ સામે એકી ટશે જોઈ રહે છે]

[ટપ્પો]

[એવામાં બહાર મોટર આવીને ઊભી રહે છે વરદાબાબુ મોટરમ થી ઊતરીને અંદર આવતાં આવતાં બોલે છે.]

વરદા

નાનાને કેમ છે અત્યારે, રમેશ ?

રમેશ

ઠીક છે.

વરદા

હું આમને આમ આખો દિવસ બેઠાં બેઠાં ગપ્પાં હાંકવાનો કે, કાંઈ પ્રવૃત્તિ કરવાનો ? [બોલતાં બોલતાં અંદર જાય છે]

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

રમેશ

ઉંહ્, પ્રવૃત્તિ કરવાનો ? નરેન્, તું જાણે છે આ પ્રવૃત્તિ એટલે શું ? પ્રવૃત્તિ એટલે ગાંડને પૈસે ગોપીચંદન. પ્રવૃત્તિ એટલે પૈસા કમાષ્ટને ભેગા કરવાના નહિ પણ પૈસા હોય તે વાપરી વાપરીને દાવપેચ ખેલવા. પ્રવૃત્તિ એટલે એશઆરામ બધું છોડી દઇને ગદ્ધાવૈતરૂં કર્યા કરવું અથવા કુતરાં બિલાડાંની જેમ જ્યાં શિકારની ગંધ આવે ત્યાં જઇ હાઉ હાઉ મ્યાંઉં મ્યાંઉં કરીને પરિણામે કાંઈ ન મળે તો પૂંછડી વાળીને ભાગી નીકળવું. સમજ્યો ?

[રસ્તા ઉપરથી એક જણનો લડવાનો અવાજ સંભળાય છે.]

["ઉભો રહે, જોઈ લઉં છું તને, જોઇ લઈશ. સાળા, મોંદડીના ટોપ, બોરડીના કાંટા, કાગડાની ચાંચ સા...ળા. આટલી બધી હોશિયારી મારી સાથે ?"]

રમેશ

અરે જો, જો, તો. કોણ આ સરસ રીતે ગાળો દઇ જાણે છે ? બોલાવ તો, બોલાવ તો નરેન્.

નરેન્

[તાણીને] અરે, એ મીસ્ટર, અહીંઆ આવો અહીંઆં.

[બહારથી] કેમ ભાઇ, શું છે ભાઇ ?

નરેન્

અરે અહીંઆ તો આવ, ભલા માણસ.

[એક જણ ઉશ્કેરાઇ ગયેલો દાખલ થાય છે.]

રમેશ

કેમ, કેમ, શું છે ? કોને આ બધી ગાળોનો વરસાદ વરસાવ્યો?

એક જણ

અરે જુઓ તો ખરા. સાળો, ગીધ, હાંડલીનો કાંઠો, સાળો,

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ઉંદરડીનું આંતરડું. સાળો, મારો સાળો નહિ, મારા બાપાનો સાળો, મામો, મારો મામો સાળો, મારો નહિ, મારા બાપાનો. મને કહે કે અવળે ગધેડે બેસાડીને ઘરની બહાર કાઢી મૂકીશ. મારાં બાપ મરી ગયાં છે એટલે સાળો—મારો સાળો.....

નરેન્

[વચ્ચેથી] એ તારો સાળો નહિ, તારા બાપનો સાળો.

એક જણ

હા, હા, બાપનો સાળો, મામો, સાળો, એ તો એનું એ બધું. એના મનમાં એમ કે હું લાચાર ને એકલો છું એટલે, સાળું સાકરકોળું, બકરીની લીંડી, કાબરો સાળો, એને ખબર નથી કે મારા કાકાના સાસરાની ફઈના દેરના ભાઈના સગા મામાના દીકરાના વેવાઈનો સાળો પોલીસમાં છે તે. જોઈ લઈશ હરામજાદાને. તારી જાતના પાજી, સાળા...બાપના સાળા—મામા મારા...

[બોલતો બોલતો ચાલ્યો જાય છે બધા ખૂબ હસે છે]

વરદાબાબુ

[યોગેશ અને બાબાજી સાથે બહાર આવે છે] હાં, જોયું કે નહિ કાકા, તમેય તે નકામા મુંઝાઈ ગયા હતા. તાવ ઊતર્યો કે નહિ ? બધો પ્રતાપ આ બાબાજીની પવિત્રતાનો.

યોગેશ

જે કહેવાય તે, એમાં શી શંકા, તમને કહું તે જે કહેવાય તે.

વરદા

અરે બાબાજી, આજ તો આપના આશીર્વાદથી ફતેહ, ફતેહ, મારી આવ્યો છું, આખા બોમ્બે વકર્સના ચૌદ આની શેર આજ મારા હાથમાં આવી ગયા છે ! બધી આપની કૃપા [કહી પગમાં પડવા જાય છે.]

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

 જે કહેવાય તે,

બાબાજી

અરે, અરે, આમ પગને હાથ લગાડીને હૃદય દેવતાનું અપમાન ન કરો ભાઈ, નારાયણ, નારાયણ.

વરદા

જુઓ, કાકા; હું જરા બહાર જઈ આવું. હમણાંજ પાછો આવું છું. એક નાનકડી પાર્ટી હમણાં જ ગોઠવી છે. થોડા બીઝનેસ ફ્રેન્ડસ...માત્ર. એ લોકો આવે તો બેસાડજો જરા, હું આ આવ્યો. [ટેલિફોન પાસે જાય છે. નંબર મેળવી.] હેલો શશિવદન, બજારના ફેરફાર તરફ ખૂબ Keen નજર રાખો સમજ્યા? અને મને વખતો વખતના ફેરફારના ખબર આપતા રહો. અને જુઓ જનમહમ્મદને ત્યાં આઈસ્ક્રીમનો ઓરડર આપી આવ્યો છું તે તથા બે વેફર બીસ્કીટસના ટીન પણ મોકલો. પટાવાળાને મોકલીને ઘોડાને દરવાજેથી કારમની ટેકસીમાં બધું મોકલી આપો. [ટેલીફોન મૂકી દે છે] અને બાબાજી આપ બેસજો હો, હું હમણાં જ આ આવ્યો. [બોલીને દોડી જઈ એકદમ મોટરમાં બેસે છે]

રમેશ

બાબાજી કોઇ રીતે બાપુજીના આ બીઝનેસ રૂપી મોટરના ચૂરેચૂરા કરી દો?

બાબાજી

અરે ભાઈ, તને કયાંથી ખબર હોય કે આ ચક્ર હમેશાં એમને એમ ફર્યા કરવાનું એને પરિણામે એની પાછળ હમેશાં અહંભાવની ધૂળ ઊડ્યા કરવાની. માત્ર એક ચક્રધારી ફેરવી જાણે છે આવાં ચક્રો. એમાં તારે કે મારે કશી ચિન્તા કરવાનું કારણ નથી ભાઈ, આનંદ કરો, આનંદ કરો, ભાઈ.

યોગેશ

આ હા...હા...હા. જે કહેવાય તે તમને કહું બાબાજી,

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આનું નામ જે કહેવાય તે, સાધુ પુરુષ. ભારે કરી જે કહેવાય તે તમને કહું બાબાજી. આનું નામ તે અમૃત–વાણી. તમને કહું.

રમેશ

બાબાજી, અત્યારે બસ એક સુન્દર ગાન ગાઓ. એકદમ રસભર્યું હો, બાબાજી.

બાબાજી

ખરેખર ?

[ગાય છે]

યોગેશ

[ગદ્‌ગદ બનીને] ઓહોહોહો.....રા....મ, રા.....મ. જે કહેવાય તે બાબાજી, વાહ. વાહ, વાહ, વાહ. તમને કહું. અમૃત વાણી તમને કહું.

[એક મોટર આવે છે તેમાંથી દામુ, દેવદાસ, દીનકર અને મણિલાલ એમ ચાર જણાં ઊતરી અંદર આવે છે.]

યોગેશ

જે કહેવાય તે પધારો, પધારો. બેસો બેસો. [ચાકરને બોલાવીને] અરે પંચાણુ, જે કહેવાય તે પાન સોપારી લાવ જલદી, તમને કહું.

દેવદાસ

કેમ, વરદાબાબુ કયાં ગયા ?

યોગેશ

જે કહેવાય તે હમણાં આવશે. બેસો તો ખરા તમને કહું જે કહેવાય તે. બેસો બેસો.

દીનકર

અરે આજ તે એનું માથું ધડ ઉપર હોય, દાવ જીતીને આવ્યા પછી.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

દાસુ

[દેવદાસને ધીમે રહીને] જોયું કે દેવદાસ, દાવ કેવો જીત્યો તે હમણાં જણાઈ આવશે ભાઈ.

દેવદાસ

એઈ, ચૂપ, કાકા ઊભા છે.

યોગેશ

લ્યો, લ્યો, ભાઇઓ, પાન આન લ્યો. જે કહેવાય તે આ તો તમારું જ ઘર છે.

દાસુ

[પાન લેતાં લેતાં] અરે, મારાથી આજ ગંભીર જ રહી શકાતું નથી—હસી જવાય છે. ઓહ્. [હસવું રોકી રાખે છે.]

[એક મોટરમાંથી પટાવાલો આઇસક્રીમનો સંચો તથા બીસ્કીટના ડબ્બા લઇને ઊતરી અંદર જાય છે]

દીનકર

કેમ રમેશચંદ્ર, કેમ આમ ઊભા છો મૂંગા મૂંગા ? કેમ હવે કાંઇ કામ કરવાની વૃત્તિ જાગી કે નહિ ?

રમેશ

[જલદી જલદી] અરે, કામનો તોટો કયાં છે ? સમય જ મળતો નથી જરાએ. આઠ નવ વાગે પથારીમાંથી ઊઠવું; દાતણ કરી, મોં ધોવાનું; ગમે તે રીતે ચાનો પ્યાલો પેટમાં પધરાવવાનો. પ્રીવી કાઉન્સીલમાં જઇ આવવાનું. સમય જ મળતો નથીને. ન્યુસપેપરનાં પાનાં ફેરવું છું—નોવેલ નાટકનાં પાનાં ફેરવું જેથી અભ્યાસી કહેવાઉં—ત્યાર પછી.....નાવાનું, ખાવાનું વળી સૂવાનું—પાછું સૂઈ ને ઊઠવાનું અને બગાસું ખાઈ આળશ મરડવાની. એકલો એક હું, બે હાથ, બે પગ.....કેટલાંક કામ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ઉકેલું હું તે ? કેટલાંય કામ એમને એમ જ અધુરાં પડી રહે છે. મોટામાં મોટું એક કામ તો હજી અધુરું જ પડ્યું છે. પરણવાનું– કરું શું, પણ, એકલો, બે હાથ, બે પગ—માણસ જાત તે કેટલુંક કરે ?

દામુ

ભારે ઉસ્તાદ છોકરો છે હોઃ કે કાંઇ મગજ ફટકયું છે ?

દેવદાસ

હા કાંઈક ફટકેલ તો ખરો જ.

દીનકર

એનો બાપ તો કહે છે કે કાંઈક નહિ માથામાં મોટી crack લાગે છે.

ગુરૂબાબા

[હસીને] અરે crack શી ને વાત શી ભાઈ. એ ગાંડા સાથે એકાદ ગાંડી વળગાડી દેશું અને એકાદ કારખાનું સોંપી દેશું એટલે બધું ઠીક થઇ જશે. એમ તો પાણીદાર છે.

વરદા

[મોટરમાંથી ઊતરીને જલદી જલદી] ઓહો, માફ કરજો હો, આજ તો ખૂબ કામમાં ગુંથાઈ રહ્યો હું. બહુ રાહ તો નથી જોવરાવી કે ? Excuse me, excuse me.....

બધા

ના, ના, એવું કાંઈ નથી. પહેલાં તો અમારા Congratulations to you.

વરદા

અરે, congratulations તો આપો દામુ શેઠને. બધું પોલાદ એક સપાટે લઈ લીધું ને ?

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

દામુ

અરે એમાં તે શું? પણ તમે બોંએ વર્કસના સીનીઅર ડીરેકટર થઈ ચૂકયા તેનું શું?

વરદા

ખરેખર, મને પણ એ સદ્‌ભાગ્ય આમ અચાનક ખુલી જશે એનું સ્વપ્ન પણ નહોતું. [ચારે મિત્રો એક બીજા સામે જોઇને હસે છે] અરે, એ બધો પ્રતાપ આ ગુરુબાબાનો સમજો. કાકા, જરા જુઓ તો. બધી તૈયારી કરાવોને. અરે પંચાણુ, પેલું ગ્રામોફોન અહીં લાવીને મૂક.

યોગેશ

એારે હરિચરન.....જે કહેવાય તે, બધું તૈયાર છે કે? શી વાર છે? [કહેતા કહેતા અંદર જાય છે]

દેવદાસ

અરે ના, ના, વરદા અહીં ગ્રામોફોન રહેવા દો. ગ્રામોફોન અંદર રાખીને વગાડો. અહીં બેઠાં બેઠાં, back ground માંથી music સંભળાશે એની મજા ઠીક પડશે. જરા artistic તો બને.

દામુ

અરે, રાખો તમારું artistic ને ફાર્ટીસ્ટીક એ બધી હવાઈ વાતો, art, poetry, philosophy, music.....એ બધું આપણે માટે હોય નહિ. બીઝનેસમેનને વળી આર્ટ કેવી?

રમેશ

[નરેનને] બરાબર છે. બીઝનેસમેનની બરી આર્ટ છે એક બીજાનાં ગળાં કાપવામાં.

[ફોનની ઘંટડી વાગે છે વરદા એકદમ દોડી જઈને રીસીવર લે છે.]

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વરદા

હેલો, હેં...શું કહ્યું એટલીવારમાં at par થઈ ગયા ! અરે વાહ શું ? શું ? ખૂબ માગણી આવે છે ?...ના, ના, વેચી શું નાખે ? બરાબર ધ્યાન રાખો હં.

[અંદર અંદર એક બીજા સામું સૌ જૂએ છે.]

દીનકર

તમને તો વરદા, પંચોતેરે પમ્યા છે ને બધા શૅર ?

વરદા

[વિજયથી હસીને] હા.

દેવદાસ

ત્યારે વેચી નાંખને ભાઇ. આ સટ્ટાની બજારનો ભરોંસો કેટલો ? કોણ જાણે શું થાય ને શું નહિ ?

દામુ

અરે રામ રામ કરો, દેવદાસ. કાંઇ ગાંડા બાંડા તો નથી બની ગયા ? એમ શું વરદા નાનું બાળક છે ? એને તો બધા દાવ-પેચની ખબર છે.

[યોગેશ નોકરો પાસે આઈસક્રીમની રકાબીઓ ઉપડાવી લાવે છે. બધા આઇસક્રીમ ખાવાનું શરૂ કરે છે]

દામુ

[ખાતાં ખાતાં] અરે બાબાજી, આપ પણ આ જનમદ્દમદ્દનો આઈસક્રીમ ચડાવશો કે શું ? પછી સનાતન ધર્મ કોણ સંભાળશે ?

રમેશ

બાબાજી, કાંઈ માણસોનું લોહી પીતા નથી. બધા બીઝનેસ મેનની જેમ,

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વરદા

ના, ના. બાબાજી, this is purely untouched by hand. આપ પણ લઈ શકો છો.

બાબાજી

[હસીને] અરે, પણ જેણે જાત છોડી છે એને વળી જાત સાચવવાની શી ફીકર ? [ફોનની ઘંટડી વાગે છે,] વરદા કૂદીને ટેલીફોન તરફ દોડવા માટે રકાબી ટેબલ ઉપર પછાડે છે—બધા ચમકે છે તેમને ઉદ્દેશીને

વરદા

very sorry. excuse me [કહીને ટેલીફોન લે છે]

યોગેશ

જે કહેવાય તે રામ રામ. એ ઘડી તમને કહું જે કહેવાય તે નિરાંતે બાવાનો સમય મળતો નથી તમને કહું. અરે પંચાણુ, જરા આઇસક્રીમ તો લાવ આ બધા ભાઇઓને ફરીથી આપ.

વરદા

હેલ્લો, હેં...શું કહ્યું, પચ્ચીસ, ઉપર ? [બધા ફરીથી અંદર અંદર ઇશારા કરી હસે છે.] હેં એટલી વારમાં પચ્ચાસ, ઉપર ?

દેવદાસ

એ ભાઈ, હવે લોભ છોડીને જલદી કાઢી નાંખો ભાઇ. Take my advice as a friend.

દામુ

અરે દેવદાસ, શું આમ કચ કચ કરીને નાહક વચમાં માથું માર્યા કરે છે. શું એણે વેચી નાંખવા માટે લીધા છે ? આવડું મોટું કારખાનું ઘેર બાંધી લીધું અને ભાઈ કહે છે વેચી નાખ. ઉંહું-

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વરદા

હા, હા, હું અહીં જ છું. વધ્યા ? હજી વધે છે ? ભાઈ, ભાઈ, ફૂતેહ, વધવા દો વધે એટલા. હું ટેલીફોન લઈને જ બેઠો છું.

દામુ

હાં, હાં, ત્યાં જ બેસી રહેજો, અહીંઆં અમે આ આઇસક્રીમ ઉકેલી લઈએ છીએ.

રમેશ

[નરેન્દ્રને] આનું નામ ખરો સટ્ટો, નરેન્, બધું ખોટું અને ધતીંગ જેવું નહિ ?

દીનકર

અરે, વરદા, રમેશને ઠીક કામ કરવાનું મળશે હવે. સોંપી દો આ તમારા બોમ્બે વર્કસનું મેનેજમેન્ટ.

વરદા

એ ભેજાનું કારખાનું ચલાવશે ત્યારે તો બધાનો ઉદ્ધાર થઈ જવાનો, ભાઈ. જઈને કારખાનાની ઓફીસ ચેમ્બરમાં લાંબો પડીને ઉંઘશે અને કારખાનું ચાલશે ધરડ ધરડ. ઉંહ, કહું છું કે ભાઈ જરા બજારમાં આવતો જા, જો તો જા, ત્યારે ભાઈ મોં બગાડીને બેસે છે.

દીનકર

તમારો છોકરો તો અમેરિકા ગયો કાં, દામુશેઠ ? શું શીખી આવશે ?

દામુ

[ગર્વથી] જર્નાલીઝમ.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

રમેશ

ઉંહું. શબ્દ રચનાની જાળ ગોઠવવા માટે ઠેઠ અમેરિકા મોકલ્યો!

[ફોન વાગે છે.]

વરદા

હેં...હેં.....હેં. [હાથ ધ્રુજવા લાગે છે]

દાસુ

[ધીરે ધીરે] બસ આવી પહોંચી ફાઇનલ ફોર્ટસીસ્

મણિલાલ

આહ, have patience. ચૂપ કરોને.

વરદા

[ઊશ્કેરાઇ જઇ ને—ખૂબ] શું, શું, ખરાબ અફવા? ખબર નથી? તને ખબર નથી? શશિવદન નથી? ક્યાં છે? ખબર નથી? ક્યાં ગયા છે તે ખબર નથી? ત્યારે કરો છો શું બધા ઓફીસમાં બેઠાં બેઠાં રીંગણાં તોળો છો? [હાથ ધ્રુજે છે. રીસીવર મૂકીને ધીમે ધીમે આગળ આવે છે અને વિચાર મગ્ન ગંભીર બનીને ફરે છે. ગ્રામોફોનમાં કરૂણ સંગીત વાગવા લાગે છે.]

દાસુ

શું.....શું છે, વરદા,

વરદા

[ધ્રુજતાં ધ્રૂજતાં] કોણ જાણે.....કોણ જાણે...એક ખરાબ ખબર..... [હાથ પછાડી] શું હોઇ શકે? હં...હં... અરે, [માથું ખંજવાળે છે] પાણી લાવતો જરા. [ચાકર પાણી લાવે છે] ના.....[ફરે છે] હં, હં, એય ડ્રાઇવર—મોટર લાવ તો. ના,...ના...રહેવા દે.....

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

યોગેશ

જે કહેવાય તે ભાઇ જરા ઠંડા પડો. જરા બેસો..... તમને કહું.

વરદા

[કરડી નજરથી કાકા સામે જોઇ રહે છે અને ફરવા લાગે છે એટલામાં શશિવદન હાથમાં શેર્સનું બંડલ લઇ આવે છે તેને જોઈને] આ રહ્યો શશિવદન, [ઉશ્કેરાઇ જાય છે. તે જોઇને ચારે મિત્રો ડરી જાય છે અને એકદમ ગુરૂબાબાને જઇને કાનમાં મણિલાલ કંઈક કહે છે. ગુરૂબાબા સમજી જાય છે અને ચારે જણને ઇશારાથી સમજાવે છે કે " બધું ય ઠીક થઇ જશે. ઉતાવળ કરવાની જરૂર નથી "]

બાબાજી

[વરદાને પકડીને] શાન્તિ, ભાઇ, શાન્તિ. ઉશ્કેરાઈ જવા જેવું છે શું, એમાં ?

યોગેશ

જે કહેવાય તે રામ રામ.....રક્ષા કરો હે, દીનાનાથ. તમને કહું તે.

વરદા

કેમ કેમ શશિવદન, શું થયું બોલ તો જલ્દી.

શશિવદન

[ખૂબ ખિન્ન થઇને] પાયમાલ. પાયમાલ, બોમ્બે વર્કસ ગયું લીકવીડેશનમાં. [વરદા રીડો પડી જાય છે] ઓફીશીયલ એસાઈનીની ઓફીસમાં જઈ ને ખાત્રી કરી આવ્યો છું.

વરદા

હેં હેં હેં [બોલીને ગુરૂબાબાના ખભા ઉપર ઢળી પડે છે.]

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

બધા

અરે, અરે, વરદા.....આ શું?

રમેશ

[અંદરથી બરફ લઇ આવે છે અને વરદાની આંખે અને માથા ઉપર બરફ ઘસે છે]

વરદા

[આંખો ઉઘાડે છે]

બાબાજી

કેમ વરદા, કેમ છે હવે? ભાઇ?

વરદા

હા, ઠી...ક...છે.

રમેશ

[બરફ ઘસતાં ઘસતાં અને બીજે હાથે બરફનો ટુકડો વરદાના મોં આગળ ધરીને] આ બરફ જરા મોંમાં રાખો જોઇએ.

વરદા

[રમેશનો હાથ પકડીને] રમેશ, કોણ તું? તું?

રમેશ

[તાણીને] બરફનો ટુકડો મોંમાં રાખી લ્યો જોઇએ

બાબાજી

બસ વરદા, શાન્ત હો, શાન્ત હો, દુઃખ ન કરો. ચિન્તા ન કરો, નારાયણ જે કરે છે તે સારાને માટે.

વરદા

ના, ના.....ચિન્તા કેવી? એ તો એકાએક જરા આ વાત સાંભળીને આઘાત લાગી ગયો. બીજું કાંઇ નથી.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

રમેશ

આઘાત કે આત્મઘાત ? કૃપા કરીને હવે આ સટ્ટો છોડો તો ઉપકાર. પૈસાનો ઉપયોગ બીજો કાંઇ કરવાનું ન સૂઝે તો એશ આરામ કરીને ચિત્તની શાન્તિ મેળવો.

વરદા

બાબાજી, આજથી આ speculationને નવગજના નમસ્કાર.

બાબાજી

આનું નામ વીર પુરુષ.

મણિલાલ

[ખૂબ અભિનય વડે ઉઠીને] શશિવદન, લાવ તો એ શેર સરટી ફીકેટ. [શશિવદનની પાસે એકદમ ઝૂંટવી લઈ, તેના ટુકડે ટુકડા કરી ફેંકી દે છે.]

વરદા અને શશિવદન

[ચમકી જઇને] અરે, અરે, આ શું કરો છો ?

મણિલાલ

બસ. પ્રથમ આ ખોટાં અને બનાવટી સરટીફીકેટોનો નાશ કરું છું. [પછી ખૂબ અભિનય વડે બીસામાંથી ચેક કાઢીને] અને આ તમારો પૂરી કીંમતનો ચેક, વરદા. જૂઓ વરદા, વાત એમ છે કે તમારી આ સટ્ટાની ફૂદાકૂદ જોઇને અને અમારી સલાહની અવગણના કરતા જોઇને આ એક નાટક તમને શિખામણ આપવાનું અમે ચારે જણાએ ભજવી લીધું છે. શશિવદન, આ શેરની અદલબદલ, વેચાણ કે જેટલા દલાલો કે જે કોઇ તમારી પાસે આવ્યા ગયા તે બધા મારા પાઠ ભણાવેલા. ભૂત બધી હોય તો તે મારી ગણજો. વરદા, માફી માગું છું. પૈસા તમારા બધા સલામત છે.

[બધા હસવા લાગે છે]

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જે કહેવાય તે,

બાબાજી

નારાયણ. નારાયણ.....

યોગેશ

[ખૂબ ચકિત અને મૂઢ બની જઇને] જે કહેવાય તે, રામ... રામ...રામ.....તમને કહું તે ભાઈ, આ તે થયું શું ? તમને કહું.

સમાપ્ત



CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ઘરશાળા પ્રકાશન

૮૦ દિવસમાં પૃથ્વીપ્રદક્ષિણા	૦-૮-૦
ધરધરણું અને મનોહર	૦-૧૨-૦
ચંદ્રલોકમાં	૧-૦-૦
પ્રતિજ્ઞાનું સમર્થન	૦-૫-૦

'ઘ ર શા ળા'

[ઘર અને શાળામાં ઊઠતા ક્રોયડાઓનો
ઉકેલ આપતી માસિક પત્રિકા]

દર અંગ્રેજી માસના પહેલા અઠવાડિયામાં પ્રગટ થાય છે.

વાર્ષિક લવાજમ ટપાલ ખર્ચ સાથે—
હિંદમાં એક રૂપિયો, બરમામાં સવા રૂપિયો અને
એ સિવાયના પરદેશમાં બે શિલિંગ

: પ્રાપ્તિસ્થાન :

નિયામક, ઘરશાળા, હિલડ્રાઇવ, ભાવનગર અને
ગૂજરાતના જાણીતા ગ્રંથવિક્રેતાઓ

શ્રી સરસ્વતી છાપખાનું : સ્ટેશન રોડ, ભાવનગર

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar